**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા(કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી. ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧. ફોન : ૩૨૯૦૫૦૭

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| માતૃદેવો ભવ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| 'સભાન શાશ્વતી' | પ્રો. તરલા દેસાઈ | ૯ |
| પ્રશ્નોત્તરી | શ્રી યોગેશ્વરજી | ૧૩ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૧૭ |
| તન બેઠું પણ મન નવ બેઠું | સત્સંગી | ૩૧ |
| શ્રી શ્રી મા શારદાદેવી—(૧૨) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૩૪ |
| શ્રીહરિને ફોન | મા સર્વેશ્વરી | ૩૯ |
| શ્રી પરમાર્થ પર્વ | આશા ભક્ત | ૫૧ |
| પોયણું પાંગર્યું | મા સર્વેશ્વરી | ૫૮ |
| વિકલાંગ/પોલિયો ગ્રસ્ત માટે વિનામૂલ્ય સેવા સહાય | — | ૬૪ |


○

**ભક્તિસુધા**

નેત્રો બીજું દેખતાં, મોરપિંછસમ થાય;
માટે બીજું ન દેખવું, જોવા પ્રભુ સદાય. ૪૦
પ્રભુના ગુણ સુણવા વિષે, સુણવા પ્રભુ—ઉપદેશ;
આદર વર્તો કાન ને, બીજું ગમો ન લેશ. ૪૧
અન્ય શ્રવણમાં રુચિ થતાં, અહિગૃહસમ તે થાય;
માટે અન્ય સુણવું ત્યજી, સુણવું શુભ સદાય. ૪૨

**(મહારાજશ્રીનથુરામશર્મા)**

# માતૃદેવો ભવ

**શ્રી યોગેશ્વરજી**

પૃથ્વીના પટ પર પ્રાદુર્ભાવ પામતાંની સાથે જ આંખ ઉઘાડે છે ત્યારે માનવ સૌથી પહેલાં કોનું દર્શન કરે છે? કોના અવલોકનથી સંપન્ન બને છે? પોતાના પોષણ માટે કોના પીયૂષસંદેશ પયને પ્રાકૃતિક રીતે જ પ્રાપ્ત કરે છે? એની પોતાની માતાના. માતાને જ એ સૌથી પ્રથમ પેખે છે, માતાની જ હૂંફને પામીને આગળ વધે છે, ને માતાની પાસેથી જ પોષણ પામે છે. માતા જ એનું જગત, સંસારના સારરૂપ દેવ, દેવોના દેવ, સર્વ કાંઇ બને છે, સૌથી પહેલાં માતાને જ ઓળખે છે, અને મા શબ્દને જ બોલતાં શીખે છે. સંસારમાં માનવના બે અગત્યના અંતરંગ અવિભાજ્ય અટલ સ્નેહસંબંધો—માતા તથા પિતાના. બીજા સંબંધો એ પછી ઉદ્ભવે, ઓળખાય. કિન્તુ એ ઉભયવિધ સંબંધોમાંથી પણ સૌથી સમીપવર્તી શરૂઆતનો સ્નેહસંબંધ માતાનો હોય છે. માતાના મીઠા મધુમય મમત્વને એ પ્રથમ પામે છે અથવા માણે છે. માટે જ શાસ્ત્રોએ માતાને પ્રથમ યાદ કરી છે ને પ્રણમ્ય માની છે. તૈતિરીય ઉપનિષદમાં માતાના મહિમાનું જયગાન કરતાં કહેવામાં આવ્યું છે—માતૃદેવો ભવ. માતાને દેવ બરાબર માનજે. માતામાં રહેલાં, માતારૂપે રહેલા, પ્રકટેલા, પ્રબળ બનેલા, દેવત્વનું દર્શન કરજે. દેવોના દેવ પરબ્રહ્મ પરમાત્માના દર્શનની ઇચ્છાથી પ્રેરાઇને માનવ વ્રત કરે છે, જપ કરે છે, તપ તપે છે, સ્વાધ્યાયનો આધાર લે છે, તીર્થયાત્રા કરે છે, દાનાદિને અપનાવે છે, મૌન સેવે છે, સાધાનાના નામે અનેક પ્રકારના આધ્યાત્મિક અભ્યાસક્રમો, આચારસંહિતાઓને આદરે અને આચરે છે. પરંતુ પરમાત્માનું દર્શન પ્રત્યેક માનવને માટે સહજ હોય છે. ગળથૂથીમાંથી જ પ્રાપ્ત થતું હોય છે—માતામાં—માતાના સુંદર સ્નેહમય સુધાસભર સ્વરૂપમાં. એ દર્શન માટે બીજે ક્યાંય જવાની, વસવાની,



વિહરવાની, તપવાની આવશ્યકતા નથી હોતી. ફક્ત દૃષ્ટિને, મનની વૃત્તિને વિશદ કરવાની, ઉદાત્ત બનાવવાની, અલૌકિક કરવાની ને જે છે તેને સાચા સ્વરૂપમાં અવલોકતાં શીખવાની જ આવશ્યક્તા હોય છે. મહાકવિ નાનાલાલે ગાયું છે—

પ્રભુ સઘળે વિરાજે રે સૃજનમાં સભર ભર્યા,
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાંહી ભળ્યા.

એ ચરાચરમાં ભળેલા, વ્યાપેલા, વિસ્તરેલા, ભરેલા ભગવાનને ઘરમાં જ જોવા હોય, પાસેમાં પાસે જ પેખવા હોય, તો માતાના મનહર મંગળ સ્વરૂપમાં પેખી શકાય છે. પ્રાચીન કથામાં આવે છે કે કાર્તિકેયે પૃથ્વીની પરિકમ્મા—પુણ્યયાત્રા કરી અને ગણપતિએ માતા પાર્વતીની પ્રદક્ષિણા જ કરી, તોપણ ગણપતિને પૃથ્વીની પુણ્યયાત્રાનું ફળ મળી ગયું. એક યુવાને માતાને મૂકીને દેવીના દર્શન માટે એકાંત સેવન કરીને ઉપવાસ કર્યા. દેવીએ એને સ્વપ્ન આપીને સૂચવ્યું છે કે હું તો ઘરમાં જ છું—માતા સ્વરૂપે. મને મૂકીને તું મારે માટે અનશન કરે છે એના કરતાં મને ઓળખીને મારી સેવા કરતાં શીખ. બીજા એક સાધક વરસોથી નવરાત્રિ વ્રત કરે, દેવીના મંદિરે જાય, અનુષ્ઠાનો આદરે. પરંતુ પોતાની માતાનું ધ્યાન ના રાખે. માતાની સામે બોલે. માતાને ગાળો દે. માતાની સાથે દુર્વ્યવહાર કરે. એને કોઇક સંતપુરુષે સ્વપ્નમાં જણાવ્યું કે તારી સાધના અધૂરી છે. મા તો તારા ઘરમાં જ છે. એની સાથે સારો વ્યવહાર કર. સારી રીતે વાત કર. એના આત્માને સંતોષ આપ. ત્યારે જ તારી સાધના ફળશે. એ સાધકની આંખ ઉઘડી ગઇ. એનું જીવન ધન્ય બન્યું.

માતાના શરીરમાં તીર્થો છે. એના ચરણોમાં રિદ્ધિસિદ્ધિ વસે છે. દેવો રહે છે. માતાની સેવા કરીએ. એના ઉપકારોને યાદ કરીને કૃતજ્ઞતાપૂર્વક એની સુખાકારી ને શાંતિ માટે બનતું બધું જ કરી છૂટીએ, એના આશીર્વાદ મેળવીએ. જીવન ધન્ય બનશે. કૃતાર્થ થશે. સુખશાંતિથી સંપન્ન બનશે.

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૯ નવેમ્બર—૨૦૦૬ અંક ૨

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૮—૧૨—૮૧ મંગળવાર, માગસર સુદ બારસ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા એના, કેલીફોર્નિયા, અમેરિકા.**

આજની નોંધમાં પૂ. શ્રી સવારે પોતાના નિત્ય નિયમમાંથી નિવૃત્ત થઇ ૧૧—૪૫ થી ૧૨—૧૫ સુધી શ્રી ભગવાનભાઇની માંગણીના ઉત્તરરૂપે તેમને મંત્રદીક્ષા આપી. શ્વાસ સાથે જપની વિધિ બતાવી. ગુરુદક્ષિણામાં ૧૦૧ ડોલર મૂક્યા. પૂ. શ્રીએ તેમાંથી ફક્ત ૧ ડોલર જ ખૂબ આગ્રહ હોવાથી સ્વીકારી ૧૦૦ ડોલર પાછા આપી દે છે.

બપોરની બેઠકમાં આજે પૂ. શ્રીએ માતાજીની અંતિમ અવસ્થા ને મનની સાત્ત્વિક ભૂમિકાની વાતો કરી. વળી અહીંના કાર્યક્રમની વિગતો તૈયાર થઇ. ન્યુ યોર્ક જવાની તારીખ પણ વિચારી લેવામાં આવી. ત્યાર બાદ આરામ.

સાંજે ૧ કલાક લેખન બાદ ૬—૦૦ થી ૬—૩૦ દરમ્યાન



ધ્યાનની બેઠક થઇ. આજે પ્રવચન સ્થળ દૂર હતું. છતાં સમય-સર પહોંચી જવાયું. સ્થળ હતું ટાઇમ મોટલ. શ્રી ઈશ્વરભાઇ-એ ‘ઝીની ઝીની ઝીની બીની ચદરિયા.’ એ ભજન ગવડાવ્યું. પરિણામે પૂ. શ્રીએ આજે એના ઉપર જ પ્રવચન આપ્યું. પ્રવચન બાદ એક મોટા સ્ટોરમાં ખરીદી કરવા ગાડી થોડી વાર માર્ગમાં રોકાય છે. એ મોટા સ્ટોરમાં વિવિધ પ્રકારનાં શાક-ભાજી, બીજા પદાર્થો મળતા હતા. જેમાં તૈયાર ઘઉંની રોટલી-ઓ (શેકેલી)ના પેકેટ જોવા મળ્યાં. વળી શાકભાજી સમારીને તેના પણ તૈયાર પેકેટ જોવા મળ્યાં!

પ્રવચનમાંથી આવતાં ૧૦—૩૦ વાગી ગયા. પૂ. શ્રીએ દૂધ, મમરાનો અલ્પાહાર લઇ આરામ કર્યો. એક સ્ટેશનરી સ્ટોરમાં સાંજે જવાનું બન્યું હતું. જ્યાં નોટબુક, ડાયરી વગેરે મળતું હતું. અહીં ખાસ નોટબુક મળતી નથી. છૂટા કાગળોમાં જ બાળકો લેખન કાર્ય કરે છે. અહીં ડાયરી ૮ ડોલરની જોવા મળી! જેથી એક નોટ લીધી, જે ૨ (બે) ડોલરની હતી. રૂપિયાની ગણત્રી કિંમતમાં કરીએ તો ૬૪ રૂપિયાની ડાયરી ને ૧૬ રૂપિયાની નોટ મળતા હતા. પરિણામે સસ્તામાં સસ્તી ૧૬ રૂપિયાની એક નોટ લેવી પડી. મોંઘવારી છે પણ પરદેશની કમાણી સામે અહીં તો એ મોંઘુ લાગતું નથી! હરિઃ ૐ

**તા. ૯—૧૨—૮૧ બુધવાર, માગસર સુદ તેરસ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા એના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સવારે પૂ. શ્રી સ્નાન, વ્યાયામ બાદ લેખનકાર્ય કરે છે. નવ વાગ્યે દૂધ મૂકવા માટે શ્રી કંચનબેન આવે છે. તેઓ પૂ. શ્રીના દૂરથી દર્શન કરી લે છે. પૂ. શ્રીના કપડાં ધોવા લઇ જાય છે. આજે સર્વેશ્વરી કંચનબેનને એક ભજન સંભળાવે છે.

કંચનબેન વિદાય થતાં પૂ. શ્રી ને સર્વેશ્વરી દૂધ લઇ લે છે. ભોજનમાં આજે મગ, ભાત સર્વેશ્વરી તૈયાર કરે છે. ત્યાર પછી

મુલાકાત શરૂ થાય છે.

પૂ. શ્રી રામાયણ લેખનના કાગળો લઈને આવે છે. જેથી આજે રામાયણનું કાવ્ય ગાન પૂ. શ્રી શરૂ કરે છે. પૂ. શ્રી સોફા પર બેસે છે ત્યારે સૌ ભાઈબેનો પૂ. શ્રીને પ્રણામ કરે છે.

'રામ વિવાહ કરી પુર આવ્યા'

આ પંક્તિથી પૂ. શ્રી રામ વિવાહ પછી રામ ઘરે આવે છે, દશરથ રાજા ધોળા વાળ જુએ છે અને રામના રાજ્યાભિષેકની વાતો થાય છે. એ આખોયે પ્રસંગ ગવડાવે છે, સમજાવે છે. સમજાવતા સમજાવતા નીચે મુજબ પૂ. શ્રીના શ્રીમુખે વચનામૃત સાંભળવા મળ્યા.

લગ્ન પછી વરકન્યાને દોરડુ, સાંબેલું બતાવવામાં આવે છે. તે બંધનનું સૂચક છે, અને એ જીવનમાં કુટાઈ જશો એવું સૂચવવામાં આવે છે. તુલસીદાસને ત્રણ પર ખૂબ પ્રેમ છે. થોડી થોડી લીટીઓ પછી તેમની જ વાતો કરે છે—ગુરુ, રામ ને શિવ.

દશરથને થયું જીવનનો ઉત્તમ લાભ લેવો જોઈએ. ૨૦૦ ડોલર કમાવવા એ કાંઈ ઉત્તમ લાભ છે? તો દરરોજ મિષ્ટાન્ન જમવું, સારા કપડાં પહેરવા તે કાંઈ ઉત્તમ લાભ છે? લગ્ન થયાં, સંતાનો થયાં, તેને પરણાવવા એ કાંઈ ઉત્તમ લાભ છે?

ના. ઉત્તમ લાભ તે આત્મલાભ છે.

જગત આત્મલાભ લેવાને બદલે ભુલભુલામણીમાં પડી ગયું છે. સવારથી મેળામાં ગયા, ચક્કર—ભમ્મર જોવામાં જ પડી ગયા. ત્યાં તો સાંજ પડી ગઈ. લપસણીમાં જ જીવન પૂરું થયું! આત્મલાભ એ ઉત્તમ લાભ છે. એ લેતા લેતા સંસારના કામ તો કરવાનાં જ. કર્તવ્યપાલન, ફરજો બજાવવાની જ.

રાજા દશરથને ઉત્તમ સંકલ્પ થયો. તરત જ ગુરુ પાસે ગયા. ગુરુ ને શિષ્યનો આદર્શ સંબંધ કેવો? ગુરુ ને શિષ્ય બંને



એકમેકને આદરમાન આપે.

આખોયે પ્રસંગ પૂ. શ્રીએ સમજાવ્યો. વચ્ચે વચ્ચે સમૂજી વાતોથી જ્ઞાન પણ પીરસ્યું. ત્યાં તો સમય થઈ ગયો. જેથી પૂ. શ્રી ભોજન માટે ઊઠે છે. સામે ઉતારો છે ત્યાં પૂ. શ્રી જાય છે. ઉતારા ઉપર તૈયારી થઈ ગઈ છે. પૂ. શ્રી નીચે બેસીને જ ભોજન લેવાના આગ્રહી છે. જેથી કારપેટ ઉપર એક ચાદર પાથરી છે. પાણી, વાસણો તૈયાર છે. પૂ. શ્રી મગ, ભાત, સુખડીનું ભોજન સર્વેશ્વરી સાથે દરરોજની જેમ લે છે. ભોજન બાદ ભારતથી અમેરિકાની ટિકિટના પૈસા ભગવાનભાઈને આગ્રહ કરીને આપી દેવાનું કામ કરવામાં આવે છે. એક ટિકિટના બાર હજાર રૂપિયા પ્રમાણે ડોલરમાં તે ગણતરી કરી દેવામાં આવે છે. (ક્રમશઃ)

**સત્કર્મનો મહિમા**

(૧) સત્કર્મ દુર્જનને સજ્જન બનાવે છે. (૨) મૂર્ખને પંડિત બનાવે છે. (૩) અહિત કરનાર શત્રુને હિતકારી બનાવે છે. (૪) પરોક્ષ વસ્તુને પ્રત્યક્ષ બનાવે છે. (૫) હલાહલ વિષને અમૃત બનાવે છે. **— યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

'શ્રી રમણ મહર્ષિ સાથેના વાર્તાલાપો'

# 'સભાન શાશ્વતી'

સંપાદન : પૉલ બ્રન્ટન—વેંકટશમૈયા
અનુવાદ : પ્રો. તરલા દેસાઇ

## પ્રકરણ : ૪ પ્રાણીઓ અંગે

(મહર્ષિનો પ્રાણીઓ પરનો પ્રેમ અદ્‌ભુત હતો. એક વીંછીએ ડંખ માર્યો પછી એમણે પ્રતિભાવ આપેલો : 'મેં વીંછી પર મૂર્ખતાથી પગ મૂકી એને ઈજા પહોંચાડી, તેથી પોતાના અસ્તિત્વની મને યાદ કરાવવા બદલામાં તેણે મને ડંખ દીધો.')

●●● ●●● ●●●

પ્રાણીઓ મનુષ્યોની જેમ વિચારી શકે છે. તેઓ બુદ્ધિહીન જીવો છે એવું આપણે ધારી ના લેવું. કેટલાક પ્રાણીઓ કે જે લોકોના સંપર્કમાં હોય છે તેઓ શબ્દો અને વાર્તાલાપો સમજી શકે છે. મહર્ષિએ એક ગાયને ચીંધી કહ્યું કે, તે બુદ્ધિપૂર્ણ વિચાર કરી શકતી હતી.

●●● ●●● ●●●

એક રાત્રે આશ્રમના હોલના છાપરામાંથી એક સૂતેલો સર્પ નીચે પડ્યો. મહર્ષિએ માણસોને એક ફાનસ લઇ બારણાનો રસ્તો દર્શાવવા અને તેને હાનિ ન પહોંચાડવા કહ્યું. સર્પોની બાબતમાં એમણે કહ્યું, 'આપણે એમના આવાસમાં અતિથિરૂપે આવ્યા છીએ. તેથી એમને હેરાન કરવાનો આપણને કોઇ હક નથી. આપણે તેમને શાંતિમાં રહેવા દેવા જોઇએ.'

## પ્રકરણ : ૫ સંન્યાસ

('સંન્યાસ' એટલે અહંકાર વિસર્જન. કોઇ વ્યક્તિ એક



ગૃહસ્થ તરીકે કુટુંબ પરિસરમાં રહેતી હોય છતાં જો એનો અહંકાર વિલય પામ્યો હોય તો જગતની ભિન્ન ભિન્ન ઘટનાઓ તેને અસર કરશે નહિ. સ્વપ્નના અનુભવો ખરેખર આપણા પર કોઇ પ્રભાવ પાડતા નથી. જેમ કોઇ પથારીમાં શાંતિથી સૂતું હોય અને સ્વપ્ન જુએ કે તે પાણીમાં છે છતાં એની પથારી બિલકુલ ભીંજાતી નથી. બીજી બાજુ કોઇ વ્યક્તિ સંન્યાસ આશ્રમમાં હોય છતાં પણ દેહમાં આસક્ત હોય તો એ રાગી છે, વિરાગી નથી.

જ્યાં સુધી કોઇ એવું વિચારે કે પોતે સંન્યાસી છે ત્યાં સુધી તે એ નથી. જ્યાં સુધી કોઇ ભ્રમણામૂલક જગત વિશે વિચારતા નથી એ સંસારી નથી, પણ સાચા સંન્યાસી છે. રોગમુક્ત થવા દર્દીએ ડોક્ટરે સૂચવેલું ઔષધ લેવું જ રહ્યું. એવી જ રીતે ગુરુ માર્ગ દર્શાવે પણ સાધકોએ તેને અનુસરવો રહ્યો. મુક્તિ ક્યાં છે? એ આપણી બહાર નથી. તે અહીં—હૃદયમાં છે. એકાંત ક્યાં છે? મનમાં. એલેકઝાન્ડર સેલ્કર્ક એક ટાપુ પર એકલો હતો પણ ત્યાંથી તે ભાગી જવા ચાહતો હતો કેમકે તેને માટે ત્યાં એકાંત નહોતું. આપણી એ વસ્તુઓ ભીતર જ શોધવી રહી. સ્વર્ગનું સામ્રાજ્ય આપણી અંદર જ શોધવું રહ્યું.)

પ્રશ્ન : સંન્યસ્ત શું છે?

મહર્ષિ : અહંકાર વિસર્જન.

પ્રશ્ન : મિલ્કતો ત્યજી દેવી એ નહિ?

મહર્ષિ : માલિક (માલિકીભાવ) પણ ત્યજી દેવાનો.

પ્રશ્ન : ગૃહસ્થ આ માર્ગે કેવી રીતે પ્રગતિ કરી શકે?

મહર્ષિ : તમે તમારી જાતને ગૃહસ્થ તરીકે વિચારો છો શા માટે? જો તમે સંન્યાસી તરીકે બહાર જશો તો તમે એક સંન્યાસી છો એ વિચાર તમારો પીછો કરશે. ઘરમાં હો કે

જંગલમાં તમારું મન પીછો કરે જ છે. અહંકાર વિચારોનો મૂળ સ્રોત છે.

દેહ અને દુનિયા ઊભા કરે છે અને તમને વિચારવા પ્રેરે છે કે તમે ગૃહસ્થ છો. જો તમે જગત ત્યજી દો તો 'ગૃહસ્થ' માટે 'સંન્યાસ' નો વિચાર અને ઘર માટે જંગલનું વાતાવરણ કેવળ અવેજીનું કામ કરશે. માનસિક અંતરાયો તો ત્યાં રહેવાના જ. વાતાવરણ બદલવાથી કંઇ ન વળે. બંને જગ્યાએ મન પર નિયંત્રણ હોવું ઘટે. જો તમે જંગલમાં કરી શકો તો ઘરે કેમ નહિ? તમે હમણાં જ પ્રયત્ન કરી શકો, વાતાવરણ ગમે તે હોય. તમારી આસપાસનું વાતાવરણ તમને કદી અવરોધતું નથી. મને જુઓ. તમે ઘરનું વાતાવરણ ત્યજીને અહીં આવ્યા છો. અહીં અત્યારે તમને શું મળે છે? એ તમારા ઘર કરતાં અલગ છે? આ જ કારણે સહજ સમાધિ પર ભાર મૂકવામાં આવ્યો છે. મનુષ્યે સહજ સમાધિમાં રહેવું જોઇએ અર્થાત્ પોતાના વાતાવરણની વચ્ચે પણ પોતાની સ્વાભાવિક સ્થિતિમાં રહેવું જોઇએ.

પ્રશ્ન : તમે લોકોને સંન્યસ્ત લેવાની ના પાડો છો તો પછી તમે સ્વયં કિશોરવયે શા માટે ઘરમાંથી નાસી ગયેલા?

મહર્ષિ : કોઇ શક્તિ મને દૂર ખેંચી ગઇ. પ્રવૃત્તિ ત્યજી દેવાની કોઇ વાત જ નથી. મનુષ્ય જ્યારે આત્મસાક્ષાત્કાર કરે છે ત્યારે તેને માટે દુનિયાની હયાતી રહેતી નથી. એનો અર્થ એ નથી કે આપણે આપણી પ્રવૃત્તિ ત્યજી દેવી.

પ્રશ્ન : મારે મારી પત્ની અને કુટુંબથી દૂર થઇ જવું જોઇએ?

મહર્ષિ : તેઓ શું નુકસાન પહોંચાડે છે? પહેલાં તમે કોણ છો તે શોધી કાઢો.

પ્રશ્ન : ઘર, પત્ની, સંપત્તિ એ સર્વ સંસાર હોવાથી મનુષ્યે તેનો ત્યાગ ન કરવો જોઇએ?



મહર્ષિ : પહેલાં સંસાર શું છે એ જાણો. તે સર્વ સંસાર છે? એનો અર્થ એ કે જે લોકો તેની (સંસારની) સાથે જીવે છે તે આત્મસાક્ષાત્કાર કરી શકે નહિ?

●●● ●●● ●●●

તમે શું છો? તમે દેહ છો? ના. તમે શુદ્ધ ચૈતન્ય છો. નિવૃત્તિ એટલે આત્મસ્થિત થવું, બીજું કશું નહિ. નથી એક વાતાવરણનો પુટ ત્યજી બીજામાં સંડોવવાનું કે નથી નક્કર જગત ત્યજીને માનસિક જગતમાં ખોવાવાનું. (પુત્રનો જન્મ, તેનું મૃત્યુ વગેરે પણ આત્માની અંદર છે. સરખામણીનો કોઇ પ્રશ્ન જ નથી.)


વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

**પ્રશ્ન** : પ્રણવ મંત્રવડે સાધના કરનાર સાધકને આપ માર્ગ-દર્શન આપી શકશો?

**ઉત્તર** : જરૂર. એ મંત્રવડે સાધના કરનાર સાધકે પ્રણવ મંત્ર શું છે, એ સૌ પ્રથમ સમજી લેવાની જરૂર છે.

પ્રણવ એ ૐકારનું બીજું નામ છે.

ઓમ્‌કારમાં અ, ઉ, અને મ્ એ ત્રણ અક્ષરોનો સમાવેશ કરવામાં આવેલ છે. એ શબ્દ પરમાત્માનો વાચક છે, એમ પતંજલિ મુનિએ યોગદર્શનમાં કહેલું છે. **तस्य वाचकः प्रणवः ।** તે ઈશ્વરનો વાચક (બોધક) ૐકાર છે. **तज्जपस्त-दर्थभावनम् ।** તે પ્રણવનો જપ તથા તેના અર્થરૂપ ઈશ્વરનું ચિંતન કરવાથી ચિત્તની એકાગ્રતા (નિજ સ્વરૂપનો સાક્ષાત્કાર) યોગીને થાય છે.

વળી **एतदालम्बनं श्रेष्ठमेतदालम्बनं परम् । एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ।** (કઠો. ૧, ૨, ૧૭) આ ૐકારનો આશ્રય લેવો શ્રેષ્ઠ છે, એનો આધાર સર્વોત્કૃષ્ટ છે અને એ ૐકારરૂપ આશ્રયને જાણી મનુષ્ય બ્રહ્મલોકમાં પૂજાય છે. એ શ્રુતિમાં યમરાજાએ નચિકેતાને ૐકાર એ જ શ્રેષ્ઠ આલંબન છે એમ કહેલું છે.

પુષ્પદંતે રચેલા પોતાના મહિમ્નસ્તોત્રમાં પણ ૐકાર વિષે એવો જ ઉલ્લેખ કરેલો છે : ઓમ્‌કારની ત્રણ માત્રાઓ ત્રણ પ્રકારના લોકનો, (ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક), ત્રણ પ્રકારની અવસ્થાનો (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ), પ્રકૃતિના ત્રણ ગુણો (સત્ત્વ, રજસ્ અને તમસ્), ત્રણ પ્રકારનાં શરીરનાં



શરીરનો (સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ) તથા ત્રણ દેવોનો (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) નિર્દેશ કરે છે, અને ઓમ્‌કારનું બિંદુ એમનાથી પર એવા પરમાત્માનો નિર્દેશ કરે છે, એમ પુષ્પદંતે કહેલું છે. પ્રશ્નોપનિષદ્‌માં પણ પિપ્લાદ ઋષિએ એવો જ અર્થ કરી બતાવ્યો છે. પરંતુ મારી દૃષ્ટિએ તો ઓમ્‌કારમાં ભારતીય તત્ત્વજ્ઞાન ને સાધનાનો અર્ક સમાઇ જાય છે.

હવે ઓમ્‌કારના અ, ઉ, અને મ્‌ની પસંદગી શી રીતે થઇ તે જોઇએ.

આત્મદર્શન કરવાની ઇચ્છાવાળા ઋષિઓને સૌથી પહેલાં પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા થઇ, ત્યારે તેમને પ્રશ્ન થયો કે **कोऽहम् ।** એટલે કે હું કોણ છું? અથવા તો મારું સાચું સ્વરૂપ શું? એ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે એમણે ધ્યાન કર્યું, એમના અંતરમાં ડૂબકી મારી અને ચિંતન—મનનનો આધાર લીધો. એને પરિણામે વરસોની મહેનત પછી, એમને એમના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થયો. એથી એમને અનુભૂતિ થઇ કે **सोऽहम्** એટલે કે આપણે પરમાત્મા સ્વરૂપ છીએ અથવા તો પરમાત્માથી જુદા નથી. કોઇએ એમને પૂછ્યું કે પરમાત્મા કેવા? તો તેમણે કહ્યું કે **सत्यं, शिवम् सुंदरम्** સત્ય, શિવસ્વરૂપ ને સુંદરતાના મૂળાધાર જેવા. વળી જ્ઞાનના અધિષ્ઠાતા, અનાદિ, અનંત અને પરમ પ્રેમની મૂર્તિ જેવા. સચ્ચિદાનંદસ્વરૂપ એવા પરમાત્માની સાથે એકતાનો અનુભવ કરી ચૂકેલા ઋષિઓએ કહ્યું કે, અમારામાં અને એ પરમાત્મામાં મૂળભૂત રીતે જોતાં કોઇ ભેદ નથી. અમારી વચ્ચે અખંડ એવી એકતા છે. એ અનુભવની ઉચ્ચતમ દશાએ પહોંચેલા ઋષિઓએ કહ્યું કે **अहम् ब्रह्मास्मि ।** હું પરમાત્મા છું. **शिवोऽहम् ।** હું શિવસ્વરૂપ છું.

સૂફી સંતોએ 'અનલહક' કહીને એ જ વાત તરફ અંગુલિ-નિર્દેશ કરેલો છે, એટલે **सोऽहमॅ** શબ્દમાં ભારતીય યોગી,

મુનિ, જ્ઞાની કે તત્ત્વજ્ઞાનીઓની સાધનાનું સરવૈયું આવી જાય છે. એ શબ્દમાં ભારતીય ધર્મ, તત્ત્વજ્ઞાન, કે સાધનાનો, વરસોનાં ચિંતન, મનન ને તપને પરિણામે પ્રાપ્ત થયેલો નિષ્કર્ષ આવી જાય છે.

હવે **सोऽहम्** શબ્દ, બીજી રીતે જોઇએ તો અજપા ગાયત્રી-ના અવયવરૂપ **'हं'** અને **सः** એ બે અક્ષરોના એકાકારપણાને પરિણામે બનેલો છે.

આપણાં ફેફસામાં આપણે **ह**કારથી શ્વાસ બહાર કાઢીએ છીએ અને **स**કારથી અંદર લઇએ છીએ. આમ **हंस**ની ગતિ આપણા શરીરમાં ચાલ્યાં જ કરે છે. પરંતુ ગુરુમુખથી તેનું વિધાન જાણી, સાધક જ્યારે સુષુમ્ણા નાડીમાં આ **हंस–हंस** મંત્રને ઉલટાવી દે છે, ત્યારે તેનો **सोहमसोहम्** જપ થાય છે. આ **सोहम्**માંથી આગળનો જીક્ર કાઢી નાંખો, તે ફક્ત ઓમ્ બાકી રહેશે એટલે ઓમ્ એ **सोहम्**નું ટૂંકુ રૂપ છે. આમ ૐકારમાં અનેક અર્થોનો સુંદર સમન્વય તમોને જોવા મળે છે. એટલે જ મેં કહ્યું કે ઓમ્કારમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને સાધનાનો અર્ક આવી જાય છે એથી ૐકારનો આ રીતે વિચાર કરવાથી ખૂબ જ લાભ થાય છે, એમ મારું માનવું છે.

હવે આપણે ૐકારના જપ કેવી રીતે કરવા તે વિચારીએ :

સામાન્ય રીતે ગુરુએ કહ્યા પ્રમાણે તે કરવા. જો કોઇ ગુરુ કર્યા જ ના હોય ને પોતાની મેળે જ કરવાની ઇચ્છા હોય, તો પદ્માસન જેવા કોઇ આસનમાં કે સુખાસનમાં બેસીને, આંખ બંધ કરીને, હૃદય અથવા ભ્રૂમધ્ય બેમાંથી કોઇ પણ એક સ્થાનમાં દૃષ્ટિ સ્થિર કરવી, ને માળાની મદદથી કે માળા વગર મનોમન ઓમ્કારના ઉચ્ચાર કરતા રહેવું. સાથે સાથે, હું આનંદ સ્વરૂપ છું, શાંતિ સ્વરૂપ છું, જ્ઞાન સ્વરૂપ છું, શુદ્ધ છું, બુદ્ધ છું, એવી ભાવના કરવી.



એ સ્વરૂપની ભાવના કરવાથી, એના અનુભવ માટેની ઇચ્છા થાય છે, ને છેવટે એક ધન્ય દિવસે એનો અનુભવ પણ થઇ જાય છે.

ભાવનાનું સ્થાન જીવનમાં ઘણું મોટું છે. ભાવનાની શક્તિ ઘણી પ્રબળ છે. ભાવના પ્રમાણે જીવનમાં વધારે કે ઓછો વિકાસ થઇ શકે છે. જેનામાં ભાવના જ નથી, તે એ ભાવનાની દિશામાં વિકાસ કેવી રીતે કરી શકે? માટે ભાવના કરવાથી શો લાભ, એવી શંકા કરવાની જરૂર નથી. સારી ભાવનાઓ જીવનમાં હંમેશા ઉપયોગી થઇ પડે છે. આજે જે ભાવના છે, તે કાલે જીવન બને છે.

ૐકારના જપનું ફળ, સાધકની ભાવના પ્રમાણે આત્મદર્શન અથવા પરમાત્મપ્રાપ્તિ કે દુન્યવી ફળ જોઇતાં હોય તો વત્તા ઓછા પ્રમાણમાં, તે મળી શકે છે. ઓમકાર કલ્પવૃક્ષ સમાન છે, તેની નીચે બેસી જેવી જાતની ઇચ્છાઓ કરશો, તેવી ફળીભૂત થાય છે.

**ॐकारं बिन्दुसंयुक्तं नित्य ध्यायन्ति योगिनः ।**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥**

બિન્દુ સાથેના ઓમકારનું જે દરરોજ ધ્યાન કરે છે, તે યોગીની બધી જ કામનાઓ પૂરી થઇને તેને મુક્તિ મળે છે. એ ઓમ્કારને હું નમસ્કાર કરું છું.

ઓમ્કારથી બીજી લૌકિક કામનાઓની પૂર્તિ થતી હોવા છતાં એનો આધાર મુખ્યત્વે તો આત્મદર્શન કે પરમાત્મપ્રાપ્તિ માટે જ લેવાય તે વધારે સારું છે.

# સમંદરને પેલે પાર

મા સર્વેશ્વરી

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા–**
**રોટોરવાથી ઓકલેન્ડ, દિવસ–૭, તા. ૧૪–૫–૦૫**

રાતે ૧૧–૨૫ થી ૨–૦૦ સુધી મંત્રજપ થયા. પછી ૨ થી ૫ વિશ્રામ ને પાછા છ વાગ્યાથી મંત્રજપ શરૂ થાય છે.

જપ, જપ ને જપ. જાણે બીજું કંઇ કામ જ નથી. હરિને પણ હરિનું નામ પ્રિય છે તો જ તે જપાવે છે.

૭ ને બદલે ૭–૩૦ વાગે ગાડી પ્રસ્થાન કરે છે. દરરોજનું નિયમનું ભાથું સૌને યાદ છે જ. એટલે જેવી બસ ચાલુ થાય એટલે નવ મંત્રગાન, બે બાવની, યાત્રાના આરંભે, ૩ પ્રાર્થના, ૧ માળા, આરતી પૂર્ણ થાય પછી જ વાતો થાય.

સવારની શિસ્ત સૌ એ રીતે પાળે છે. અને તેમાં જ ગૌરવ પણ છે. એક સાધક તરીકેનું–સત્સંગી તરીકેનું–ભક્ત તરીકેનું શ્રેષ્ઠ કર્તવ્ય પ્રભાતે ઊઠીને પહેલું કાર્ય પ્રભુને પોકારવાનું છે.

યાત્રામાં પણ એ રીતે અદબ જળવાઇ રહી છે. સ્વર્ગારોહણની પ્રાર્થનાનો ક્રમ જ્યાં મા ત્યાં પળાય જ છે.

આજે માર્ગમાં ધુમ્મસ હતું. જાણે બસ ધુમ્મસમાં જ ઝંપલાવતી હોય એવું લાગે પણ બસથી ૭–૮ ફૂટ રસ્તો પાછો સ્વચ્છ દેખાય.

ભારતીબેન સુગરના દર્દી છે. માટે એની વારંવાર આંખ મીંચાઇ જાય છે. મા ટકોર કરતાં કહે છે આંખ ઉઘાડી રાખીને જપી લો. મંત્રગાનથી રોગ સામે લડી લો. એક કલાક પછી મૃત્યુ છે એમ માની જપી લો.



અને સ્લેટના એ શબ્દોથી ભારતીબેન જાગ્રત બની જાય છે.

અરે! માએ ગઇ રાતે જ પેલું શૌર્યગીત અભિનય સાથે જોયું છે. રણચંડીનું, કાલિકા માતાનું સૌને સ્વાહા કરવાની ચેષ્ટાવાળું એ ગીત સૌને સ્મરણમાં કોતરાઇ જાય તેવું છે. ભક્તિ તો ખાંડાની ધાર. શૂરવીરતાથી એ માર્ગે પણ લડી લેવાનું છે. એ વાતનું જામે સતત પુનરાવર્તન એ ગીતમાં વણાયેલું હતું.

યાત્રા પ્રારંભ પામતાં પહેલાં ૧૫૦ માળા થઇ ગઇ છે.

આજે પણ માર્ગમાં સતત માહિતી આ ધરતીની વિશેષતાની મળી રહી છે.

અહીં ઘણાં ખેડૂતો છે. મોટામાં મોટા એક ખેડૂત પાસે ૭૦૦૦ દૂઝણી ગાયો છે. દૂધ દરરોજ સેમ્પલ લઇને, ટેસ્ટ કરીને જ મંડળી સ્વીકારે છે. ડેરીનો જ ધંધો ખેડૂતો મોટે ભાગે કરે છે.

માર્ગમાં ઘણાં નાનાં નાનાં ગામો આવે છે. ૧ ગામનું નામ ઓટરાહંગા હતું. એ માઉરી લોકોનો શબ્દ છે. એનો અર્થ લાંબી યાત્રાની તૈયારી થાય છે. એ રીતે નામ સૂચક છે. આ યાત્રા તો નાની છે, પણ પેલી પરલોકની લાંબી યાત્રાનું ભાથું અહીં બાંધી લેવાની અર્થસભર વાત છે. સરસ નામ છે.

આજે રોટોરવાથી ઓકલેન્ડ જતાં માર્ગમાં ગુફાઓ જોવાનો કાર્યક્રમ હતો. અમેરિકાની કાર્લસબગ ગુફા, મંમદગુફા, હીડન રીવર ગુફાઓ જોઇ છે એટલે આ ગુફા જોવાની જરૂર તો નહતી.

પણ આ ગુફાની એક વિશેષતા હતી કે એ ગુફામાં હજારોની સંખ્યામાં આગિયાઓ ગુફાની છત ઉપર રહે છે. તેનો

પ્રકાશ અંધારી ગુફામાં જોવા મળે છે. તો માને આ વાત નવી લાગી. માટે મા સૌ સાથે જોડાય છે.

ગુફામાં પાણીના ટપકવાથી વિવિધ આકારોનું સર્જન થાય છે. તેને દરેક પોતાની કલ્પના પ્રમાણે નામ આપે છે.

અહીં કીવી નામનું પક્ષી થાય છે. તો તેના આકારની કલ્પના કરીને ગાઇડ બતાવે છે. વળી હાથી, દેવદૂત, સાન્તા-કર્લાઝના આકારો પણ બતાવે છે.

આજ ગુફા ભારતમાં હોય તો ત્યાં વળી તે દેશની કલ્પના ભળે.

માને એ ગુફા જોતાં જોતાં એક સ્મરણ સહજ થતું હતું કે આવી ગુફામાં રાત રહેવા મળે તો જપ તપ કરવાનો આનંદ મળે.

આ ગુફાના વિવિધ આકારોમાં જાણે જટાધારી તપસ્વી. સિદ્ધ પુરુષો પદ્માસન વાળીને બેઠા છે, એવું સતત લાગ્યું. જેની જેવી કલ્પના.

ગુફાઓમાં ૩–૪ જગ્યાએ ગાઇડ ઊભા રાખીને સમજાવે છે. પછી થોડા પગથિયાં ઉતરીને ઘૂંટણે બેસીને અંધારી ગુફાની છત ઉપર જોવાનું સૌને સૂચન કરે છે. તો સાચે જ ત્યાં આગીયાના વસવાથી છત ચમકતી હતી.

ત્યાંની ક્ષણિક ઝલક માણીને અંધારી ગુફામાં પગથિયાં ચઢીએ છીએ.

કશું જ દેખાતું નથી. જાણે આપણે પોતે જ દેહ છોડીને અંધકારભર્યા માર્ગે આગલ દિશાશૂન્ય અસહાય માર્ગ શોધતા વધવાનું છે. ભયંકર અંધકાર હતો.



ત્યાં વળી નાની બેટરીથી પ્રકાશ કરીને ગાઈડે ઈશારો કર્યો હોડીમાં બેસો.

૨૦ ભાઈબેનોને હોડીમાં બેસાડીને હોડી એ ભયંકર ગાઢ અંધકારમાં આગળ વધે છે. ચારે બાજુ જાણે કુકર્મોના કાળા વાદળા જીવને ઘેરી વળ્યા હોય એવું બિહામણું કોઇ એકબીજાને પણ ના જોઇ શકે એવો અંધકાર હતો.

ત્યાં જ હોડી આગળ વધીને જાણે કોઇ પ્રકાશિત રોશનીનો પુંજ ગુફાના એક ભાગમાં જોવા મળ્યો. ૩–૪ સ્થાનમાં એવી આગિયાની રોશની જોવા મળી. જોવું ગમે એવું એ દૃશ્ય હતું.

શ્રી રવીન્દ્રનાથ ટાગોરનું પેલું પ્રસિદ્ધ ગીત જેનો અનુવાદ આશ્રમ ભજનાવલીમાં છે તેનું સ્મરણ થયું.

કર્મના જ્યારે કાળા વાદળ,
ગરજી ગગડી ઢાંકે સૌ સ્થળ;
હે સદા જાગ્રત્ પાપ ધ્રુવંત,
કરુણા વરસંતા આવો,
ઓ કરૂણા વરસંતા આવો.

સાચે જ જીવને અંધકારમાંથી મંત્રજપના આગિયા જ માર્ગ બતાવતા હશે. જાણે આ દેહ છોડ્યા પછીની યાત્રાની તાલીમ હતી.

અહીં એક પણ પ્રવાસી વાતો નથી કરતા. ગુફામાં પ્રકૃતિનો જે વૈભવ હતો તેનું જાણે મૌનવ્રતથી સન્માન થઇ રહ્યું હતું.

અજાયબી જોતાં માનવની વાણી જ વિરામ પામી જાય તેવું. સર્જનહારની એક એક રચનાનું વર્ણન વાણીથી પર. મર્યાદિત વાણીથી તેનું મૂલ્યાંકન જ ક્યાં થઇ શકે? મૌન પણ

એક સમર્થ સાધન છે વર્ણનનું. એથી જ જાણે સૌ સહજ મૌનથી એ અજાયબીને વધાવી રહ્યા છે.

પાંચ જ મિનિટ એ ઘેરા ભયંકર અંધકારમાં હોડીની યાત્રા પૂર્ણ થઈને સૂર્યનારાયણની છત્રછાયામાં ગુફાની બીજી બાજુ હોડી આવી ગઈ.

આ હોડીને હલેસાં ન હતાં. ગાઈડ પોતે જ હોડી ઉપર ઉભા રહી ઉપર બાંધેલા દોરડાના સહારે હોડી ચલાવતા હતા. તે તો છેક પ્રકાશમાં હોડી આવી ત્યારે જોવા મળ્યું.

માર્ગમાં માળા તો ચાલુ જ હતી. ફરી બસમાં સૌ બેસી ગયા. ૪૮૫ માળા થઈ ગઈ. સવારે ૭ાા થી બસ ચાલુ જ છે. ત્રણ સ્ટોપ થયી ને ઓકલેન્ડની નજીક Pukekohi (પુકેકોહી) નામના શહેરમાં આવી ગયા.

અહીં ભક્ત સમાજના ૩–૪ ઘર છે. જે ઘરમાં આજે ક્ષણિક વિશ્રામના યજમાન છે. શ્રી ભૂલાભાઈ અને શ્રી મણિબેન.

શ્રી મણિબેન કર્પૂરવનના છે. એમના કાકા ત્યાગી જીવન જીવી શ્રી રાધામોહનદાસ નામે જાણીતા થયા.

શ્રી રાધામોહનદાસને ૧૯૮૩ માં મા કર્પૂરવનના રામાયણ પારાયણમાં મળ્યાં હતાં. શ્રી રાધામોહનદાસજી કર્પૂરવન પધારતા ત્યારે ત્યારે બાપુજી શ્રી કાલીદાસભાઈ એમને ભોજન માટે આમંત્રણ આપતા. ત્યારે થોડી વાતો થયેલી તો માએ બાપુજીના શ્રીમુખે જ સાંભળી હતી. તે જ વાતો આજે શ્રી મણિબેન પાસે પણ સાંભળી.

ઘરના દેવસ્થાનમાં ચીઠ્ઠી મૂકીને ગૃહત્યાગ કરીને વરસો સુધી વૃંદાવનમાં શ્રી રાધામોહનદાસજી વસ્યા. શ્રીકૃષ્ણના



બાળસ્વરૂપે દર્શન સપનામાં પામીને ભક્તિમાર્ગે આગળ વધ્યા. પરિવારની મમતાનો સહજ ત્યાગ પોતાને માટે આપેલી ભેટને પણ સૌ માટે વહેંચીને આનંદ માનનાર એ ત્યાગી પુરુષનું આજે આ ઘરમાં વિશેષ રીતે સ્મરણતર્પણ થયું.

યજમાનબેન શ્રી મણિબેન અને શ્રી ભૂલાભાઈ સૌનું હાથ જોડીને રામકબીર (ભક્ત સમાજની પરંપરા એવી છે કે ભક્ત સમાજના ભાઈબહેનો એકમેકને મળે તો હાથ જોડીને રામ-કબીર મંત્ર બોલે છે.) કહીને સ્વાગત કરે છે. બસમાં અંદર આવીને શ્રી ભૂલાભાઈ પણ માને હાથ જોડી પધારો મા કહીને સત્કારે છે.

યજમાન વૃદ્ધ દંપત્તિ આંગણે બસ પાસે ઊભા છે. એમના વિશાળ બંગલાના દ્વારે માને ઊભા રહેવાની પ્રાર્થના કરે છે.

પૂ. મણિબેન અંદર જાય છે. તૈયાર કરેલી દીપ પ્રગટાવેલી આરતીની થાળી લાવે છે. ચોખા ને કંકુથી વધાવી આરતી ઉતારે છે. પ્રભુ પધાર્યાનો આનંદ ને જન્મભૂમિ કર્પૂરવનના માને સત્કારવાનો આનંદ આદર–સન્માન સાથે વ્યક્ત કરે છે.

એ બંગલાના દ્વાર ઉપર દૂરથી છેક રોડ ઉપરથી ૐ લખેલો વંચાય છે. ૧૦૦ ફૂટની જમીન પછી રોડ હતો. બસમાંથી જ ૐ વંચાતો હતો. ૐ જાણે ભારતીય છે. ધાર્મિક છે. શ્રદ્ધાળુ છે. ભક્ત છે એનો પરિચાયક હતો. વિદેશમાં આ રીતે ૐ મા પ્રથમ વાર જ જુએ છે. અરે, ૐ પરમાત્માનું પવિત્ર નામ છે. શું આ ઘર પ્રભુનું કે પ્રભુને પ્રિય કે પ્રભુને વસવાનું ધામ હશે? આ ૐ ના અનેક અર્થ હોઈ શકે.

તો આ તો ભક્તસમાજના જ હતા ને. માની જન્મભૂમિના હતા તો વિશેષ આનંદ થાય. વિદેશની ધરતી ઉપર ભક્તિ-

ભાવથી આવકાર એ પણ ભાગ્યશાળીને જ મળે.

જગત આખું શ્રી લક્ષ્મીની ઉપાસનામાં દિનરાત મગ્ન છે. તેમને સત્સંગની કે ભગવાનની કે સંતના સત્કારની પણ જરૂર ના લાગે. તેવા કાળમાં આ દંપત્તિનો ભાવભર્યો સત્કાર અભિ-નંદનીય ને અનુકરણીય છે.

માને તો આરતી કે ફૂલની અપેક્ષા કે જરૂર પણ નથી. પણ પ્રભુના સત્કારનો આનંદ જરૂર છે.

બેઠક ખંડમાં એક સોફા ઉપર સફેદ સરસ રેશમી ચાદર પાથરી હતી. ત્યાં બેઠક છે એનો ખ્યાલ આવી ગયો.

મા બેઠક લે છે. પછી શ્રી ભૂલાભાઇ ફૂલનો એક ગુચ્છો અર્પણ કરી માને વંદે છે.

સૌ બેઠાં છે. મા લખે છે આપણા આજના આ યજમાન કર્પૂરવનના છે અને વિશેષતા એ છે કે એમના પરિવારમાં એમના કાકા એક ત્યાગીસંત, ભક્ત તરીકે જીવન જીવી ગયા. નામ તેમનું રાધામોહનદાસ. હવે મણિબેન જ એમના વિશે જે જાણતાં હોય તે કહેશે.

અને એથી શ્રી મણિબેન પોતાના પરિવારના એ ત્યાગી-ભક્ત શ્રી રાધામોહનદાસજીની વાતો કરે છે. જેમને ઘરનાં સૌ બાવાજી કહેતા.

બાવાજી વરસો પછી કર્પૂરવન આવ્યા. વિદાયમાં સૌએ ધોતિયા (લગભગ ૨૭) આપ્યા. બાવાજી વૃંદાવન આવ્યા ને ધોતિયા સૌને વહેંચી દીધાં ને જે પૈસા સૌએ આપ્યા હતા તેમાંથી ભંડારો કરી સૌને ભોજન આપી દીધું. પોતાને માટે કશું જ નહીં. વહેંચીને ખાવાનો ઉપનિષદનો મંત્ર એમણે જીવી બતાવ્યો.



મારું તે સૌનું! ત્યાગીને ભોગવી જાણો, વાંછો મા ધન અન્યનું.

કેવું પ્રેરક એ સ્મરણ છે! આ ૐ નિવાસમાં પ્રવેશતાં જ જાણે સત્સંગનું ભાથું મળી ગયું.

બસમાંથી આપણી યાત્રાની મંડળી ૐ યોગેશ્વર રક્ષમામ્ મા સર્વેશ્વરી પાહિમામ્ ગાતા ગાતા અંદર આવી હતી. અંદર પણ એ ધૂન ચાલુ જ હતી.

પછી મા શ્રી ભૂલાભાઇને પૂછે છે—

૧. આપ કેટલા વર્ષથી અહીં છો?

૨. જાતે આવ્યા કે પિતાજીએ મોકલ્યા?

૩. કોઇ મુશ્કેલી પડી હતી?

૪. પ્રભુએ પ્રાર્થના સાંભળી હોય તેવા કોઇ પ્રસંગો હોય તો વર્ણન કરો.

માના એ લેખિત પ્રશ્નોના ઉત્તરમાં શ્રી ભૂલાભાઇએ થોડી વાતો કરી.

પોતે અભ્યાસ માટે જ આ ધરતી ઉપર આવ્યા. કોલેજમાં ભણ્યા ને અભ્યાસ પૂર્ણ થયા પછી ભારત જવું પડે એવો નિયમ જ્યારે લાગુ પડ્યો ત્યારે પ્રભુને રોજ જ પ્રાર્થના કરી ને અહીં રહેવાનું કાયમી થઇ ગયું.

ત્યારે માત્ર મગ ને ટામેટાં જ મળતા. એટલે મુશ્કેલી તો જમવાની પણ અનુભવી પણ ભક્ત સમાજના જ શ્રી હરિભાઇ માસ્તરની ઘણી મોટી હૂંફ મળી. વિગેરે.

આટલી વાતો પછી યાત્રાની મંડળી એમના ફાર્મમાં ને ગામમાં ફરવા ગઇ. મા આ નિવાસના એક સજાવેલા ઓરડામાં વિશ્રામ કરે છે.

આ બંગલો ફાર્મમાં આવેલો છે. ફાર્મ એટલે ખેતી, પણ ખેતી એટલે નાનું નહીં. ૩૫૦ એકરનું વિશાળ ફાર્મ પોતાની માલિકીનું ને તેમાં જ આ બંગલો. બહાર ગલગોટા, સેવંતી, ગુલાબનો મોટો બાગ.

એમની જમીનમાં એક એકરમાં દર વખતે માત્ર બટાકા ૪૦,૦૦૦ રતલ પાકે. (૨૦ ટન) અ—ધ—ધ—ધ કેટલી બધી ફળદ્રુપ જમીન! સાચે જ આ વિદેશની ધરતી સાચે જ મા બનીને પોતાના સંતાનોને તો તૃપ્ત કરે જ છે પણ યુરોપના કેટલાય દેશોમાં આ પાક જાય છે. ત્યાં ત્યાં પણ તૃપ્તિ ધરે.

હે ધરતી મા! આપે આ દેશમાં જે અમૃત તૃપ્તિનો ઓડકાર સૌને ધર્યો છે તેવો ભારતની ભૂમિને પણ હે પ્રભુ ધરી દોને. દેવોનો પ્રિય આપણો ભારત દેશ—આપણી ભારતમાતા તમે પણ એવા સસ્ય શ્યામલા બની જાવને! સમૃદ્ધિ ને સંપત્તિ, શાંતિ ને પ્રામાણિકતા, સ્વચ્છતા ને સુખ સઘળું ત્યાં પણ મળો. હે પ્રભુ પ્રાર્થના કરવાની અમારી ફરજ છે. આપની ફરજ તો આપ જાણો છો છતાં યાદ કરાવવાની અમારી ટેવ છે. પ્રભુ, જરૂર વિચારજો, આપને કંઇ આજ્ઞા તો ના થઇ શકે! અમે ઘણાં નાના છીએ પણ વિનંતી તો કરી લઇએ ને!

આપણે તો આ ધરતીની અલૌકિક ઉત્પાદન શક્તિની વાત કરતા હતા. તો એ પણ નોંધવા જેવું છે કે શ્રી ભૂલાભાઇ એ જમીનમાં ડુંગળી, કોબીજ, લેટસ નામની ભાજી, અને વાલોળ—પાપડીની ખેતી પણ કરે છે. ઉત્તમ ઉત્પાદન ને પાછો આ આખો વ્યવસાય નિર્દોષ. જન્મથી જ ખેડૂત ને વિદેશમાં પણ ખેડૂત તરીકે જીવવામાં ગૌરવ.

શ્રી રવિશંકર મહારાજ કહેતા કે ખેડૂતોએ તમાકુની ખેતી



ના કરવી. એ માનવજાત માટે આરોગ્ય માટે જોખમકારક છે. એટલે કે વ્યસન વધારનારા પદાર્થો ધરતીમાં ના વાવો.

આ આદર્શ વાત છે. શ્રી ભૂલાભાઇ એ રીતે નિર્દોષ શાકભાજીની જ ખેતી કરે છે.

વિદેશની ધરતી ઉપર ભારતીય—ગુજરાતી સૂરતી—ઓરણા-ના એ ભક્ત ખેડૂતને મળી સાચે જ આનંદ થયો.

મા પોતાના ઓરડામાં વિશ્રામ માટે બેઠાં છે. આજની ૪ પૃષ્ઠોની નોંધ કરી છે.

ત્યાં જ આ શહેરમાં વસતા શ્રી સન્મુખભાઇ માને મળવા આવ્યા છે.

માના પલંગ ઉપર એ ભક્ત પુરુષ શ્રીમદ્ ભગવતગીતા, જ્ઞાનેશ્વરી ગીતા, રામાયણ તથા સાધક સંજીવની શ્રી રામસુખ-દાસના ગ્રંથો ગોઠવી દે છે.

હાથ જોડીને કહે છે, 'મા મેં આપને ન્યુઝીલેન્ડ પધારો એવો પત્ર લખેલો તે હું સન્મુખભાઇ ઓરણાનો છું. મને આશીર્વાદ આપો ભક્તિમાર્ગે આગળ વધુ. આ ગ્રંથોમાં આપના આશીર્વાદ લખી આપો.'

શ્રી સન્મુખભાઇનો ભાવ વાંચીને મા રામાયણમાં લખે છે, 'રામને પધારવાનું દ્વાર આપણું જીવન બની જાવ.' ગીતા ઉપર ૧, ૨ વાક્યો લખ્યાં.

શ્રી સન્મુખભાઇ કહે, 'હું ભારતથી આવ્યો ત્યારે ખૂબ વિચાર કરીને મેં આ ગીતા ખરીદેલી. આ ગીતાએ મને ઘણું આપ્યું છે. મારે ભક્તિમાર્ગે શું કરવું આપ માર્ગદર્શન આપો.'

એટલે મા પૂછે છે :

દરરોજ કેટલા કલાક પ્રભુ માટે વીતાવો છો?

ભાઇ : એક કલાક.

મા : કેમ એક જ કલાક?

તે ભાઇ : સમાજના કામોમાં સમય મળતો નથી.

મા : સારી રીતે સેવા કરવી હોય તો પણ પ્રભુને માટે વિશેષ સમય આપવો પડે. જીવનનું પહેલું કામ હરિભજન. બીજું સેવાનું.

કેટલી ઉંમર થઇ?

૬૪

તો તો હવે વિસ્તારથી વિરામ કરી હરિને ભજી લો. દરરોજ ૨ કલાક, ૩ કલાક તો આપો જ.

રામાયણનું માસ પારાયણ કરો છો?

ના, ચૈત્રી નવરાત્રિમાં કરું છું. થોડાં જપ કરું છું.

જપ વધારો. પાઠ પારાયણ વધારો. પ્રભુ જો પાછા મેળવે તો ત્યારે તમારી સાધના વધેલી હોવી જોઇએ. દરેક જન્મદિને નિયમ વધારો.

શ્રી સન્મુખભાઇ ભાવથી પ્રણામ કરી વિદાય લે છે. એમના બધા ગ્રંથોને મા સ્પર્શ કરે, એમાં કાંઇક લખે એવી એમની ઇચ્છા હતી.

એમના એ ગ્રંથમાં અહીં જે જે વિશેષ વિભૂતિ આવી હતી તેમના હસ્તાક્ષરો હતા. બધા જ ગ્રંથોને પાછા રામનામની પવિત્ર ચાદરમાં વીંટાળીને તે ભાઇ પાછા લઇ ગયા.

ભારત અહીં જીવે છે. ભારતીય ગ્રંથો અહીં જીવે છે. સંસ્કૃતિને ક્યાં સીમાના બંધન નડે છે!

એવામાં માના એ ઓરડામાં શ્રી શાંતાબેન આવે છે. તેમના હાથમાં બે જૂની સરળગીતા હતી.



માને પ્રણામ કરી કહેવા લાગ્યાં, મા હું કપૂરા ગયેલી ત્યારે આ ગીતા લાવી હતી. ને બીજી વધારાની ગીતા પણ સૌને વહેંચવા લાવી હતી.

આ ગીતા હું રોજ વાંચું છું. મને કંઇક લખી આપો.

મા તે બેનને ૧ વાક્ય લખી આપે છે. તે બેન કહે છે, મા તમે આટલું થોડું રોકાય તે રીતે આવ્યાં પણ હવે રહેવાય તે રીતે આવો. તો તમારા સત્સંગનો અમને લાભ મળે.

અહીં અમારો ૧ હોલ છે. નહેરૂ હોલ. અમે એમાં ભજન કરીને જન્માષ્ટમી, રામનવમી, કબીર જયંતિ, બધું જ ઉજવીએ છીએ. અહીં મંદિર નથી. મંદિરો ઓકલેન્ડમાં છે.

તે બેનની વિદાય પછી શ્રી ભૂલાભાઇ માને અર્પણ કરવા ૧ કવર લાવ્યા છે. પ્રણામ કરીને માને અર્પણ કરે છે.

મા : ના લેવાય.

ભૂલાભાઇ : તમે કોઇ સારા કામમાં વાપરજો. આટલી દક્ષિણા અમારી સ્વીકારો.

મા : આ બધા યાત્રીઓએ ભોજન લીધું એ દક્ષિણા જ છે. તમારો પ્રેમભાવ એ દક્ષિણા જ છે. પાછા પ્રભુ મેળવશે ત્યારે વિચારીશું.

ભૂલાભાઇ : સ્વીકારો તો સારું.

મા પ્રેમપૂર્વક હાથ જોડીને તે કવર પાછું આપી દે છે.

આ યજમાનના ભક્તિભાવભર્યા શિષ્ટાચારનું દર્શન હતું, ખેડૂત ભક્તની આદર્શ આચાર સંહિતાનું વિદેશની ધરતી ઉપરનું દર્શન હતું.

હે હરિ! તારી કૃપા છે. ડગલે ને પગલે વિદેશમાં તું આ

માની સતત સંભાળ લે છે. સુરક્ષિત રાખે છે. નિયમો પળાવે છે. અલિપ્ત રહેતાં શીખવે છે. આ બધા તારા અનંત ઉપકારો છે.

હે હરિ! આપની આ ચારે દિશાએથી લેવાતી સંભાળ માટે પ્રણામ, પ્રણામ.

લક્ષ્મીની જરૂર તો સૌને હોય જ ને? ગૃહલક્ષ્મી હોય કે વેપારી હોય, વિદ્યાર્થી હોય કે ખેત મજૂર હોય, સંત હોય કે મહંત હોય, જરૂર તો સૌને છે.

માને પણ એ લક્ષ્મી વિના ક્યાં ચાલે છે? પણ પ્રભુ બધી જ વ્યવસ્થા સામેથી કરી દે છે. મા પાસે પોતાનો બધો જ ખર્ચ પોતે ઉપાડી શકે તેટલી તો પ્રભુની કૃપા છે. માટે જ માંગવાની કે કોઈ આપશે એવી ગણત્રીની કે લક્ષ્મી મળી જાય એવા સીધા કે પરોક્ષ પ્રયત્નોની પણ જરૂર પડતી નથી.

ૐ શ્રી લક્ષ્મી રૂપાય યોગેશ્વરાય નમઃ

૨૬ વરસથી શિક્ષણ ક્ષેત્રને સલામી ભરી ત્યારથી આજ સુધી હાથ લાંબો નથી કરાવ્યો. સહજ રીતે પ્રાપ્ત થઈ જાય છે. ખર્ચ બધો જ સરસ રીતે થઈ શકે છે. અરે, કેટલાએ વિદ્યાર્થી-ઓને પણ તેનો પ્રસાદ આપી શકાય છે.

હે હરિ! આપની અનંતકૃપા છે. અને મા બેઠકખંડમાં સૌને બે મિનિટ મળે છે. મણિબેન પોતાના પરિવારના સભ્યોને મા પાસે લાવે છે. સૌ વંદે છે.

મા શાંતિપાઠ કરવાની સૂચના આપે છે.

સૌની વિદાય લીધી. પરિવારના અને બીજા પણ ૭–૮ ભાઈબેનો બસ સુધી આવ્યા છે. સૌને હાથ જોડી વિશેષ રીતે યજમાન દંપત્તિને હાથ જોડી વિદાય લીધી. બસના યાત્રીઓએ



નવ મંત્રગાન કર્યું. બસ ઓકલેન્ડના માર્ગે આગળ વધી.

ન્યુઝીલેન્ડની ધરતી ઉપર ઘરનું બાદશાહી ભોજન પામીને યાત્રીઓ પ્રસન્ન હતા. વિવિધ વાનગીઓની ચર્ચા કરતાં જાણે હજી પણ આરોગી લીધેલા થાળને માનસિક રીતે માણતાં માણતાં મીઠી નિદ્રામાં પાછા સૌ પોઢી ગયા.

આહાર ને ઊંઘ બંને જાણે માનવમાત્રના પાકા મિત્રો છે. એ બન્ને મિત્રો માનવને હળવાશ ને હાશ ધરે છે. જો તે મર્યાદામાં માણે તો.

ઓકલેન્ડને બસમાં બેઠાં બેઠાં જોઈ લીધું. આખા શહેરનું દર્શન એક ઊંચી ટેકરી ઉપરથી પણ કરી લીધું. મોટી મોટી ઈમારતો, સુંદર દરિયા કિનારો, શહેરની મધ્યમાં મોટું ટાવર બધું જ બસના ચાલક શ્રી જહોન બતાવતા હતા.

ઈંટ ને ઈમારતો તો બધે જ સરખી. એટલે એ બધાનું સ્મરણ કે એના જ પાઠ જરૂરી નથી.

જીવતા માનવમંદિરોની ઝળહળતી આભા જ સ્મરણીય છે.

મોટલ ઉપર આવી ગયા. RUDGES અહીં પણ એ જ કંપનીની મોટલ હતી.

આ આખી યાત્રાનું ટાઈમટેબલ શ્રી ભરતભાઈ ભક્તે ગોઠવ્યું છે. સરસ આયોજન છે. મોટલ ઉપર આવ્યા ત્યારે ૬–૩૦ થયા હતા. થોડી માળા બાદ વિશ્રામ થયો.

હે પ્રભુ, પ્રણામ–પ્રણામ–પ્રણામ ને પ્રણામ.

(ક્રમશઃ)

# તન બેઠું પણ મન નવ બેઠું

સત્સંગી

ગુરુનાનક એટલે હિંદુ મુસ્લિમ એકતાના પુરસ્કર્તા. એમના જીવનનો એક ખૂબ પ્રેરક પ્રસંગ છે, જેમાં એમની લોકોત્તર શક્તિનું દર્શન યથાર્થપણે થાય છે.

ગુરુનાનકની હિંદુ–મુસલમાનની એકતાની વાતોથી કેટલાક મુસલમાનો નારાજ હતા. તેઓ તેમની આ વાતોને ઢોંગ માનતા. એથી એમનામાંના કેટલાકે ત્યાંના નવાબના કાન ભંભેર્યા; કે "નાનક જે એકતાની વાતો કરે છે, તે ઢોંગ માત્ર છે. જો એ પોતે, ખરેખર બંનેની એકતામાં માનતો હોય તો મસ્જિદમાં આવીને નમાઝ પઢે."

નવાબને પણ થયું કે સાચી વાત શું છે તે જાણવું જોઇએ. તેઓ નાનકને મળ્યા, ને કહ્યું કે "જો તમે ખરેખર હિંદુ–મુસલમાનોની એકતામાં માનતા હો તો અમારી સાથે મસ્જિદ-માં આવી નમાઝ પઢો."

નાનકે તેમ કરવાની તુરત જ હા પાડી. પરંતુ એક શરત કરી કે તેઓની સાથે નવાબે પણ નમાઝ પઢવી. નવાબ તો તુર્ત જ સંમત થઇ ગયા.

હિંદુઓએ જ્યારે આ વાત જાણી, ત્યારે કેટલાક કટ્ટર હિંદુઓ જેઓ ગુરુ નાનકનો હિંદુ સંત ગણીને, તેમના પ્રત્યે આદર રાખતા હતા, તેમને ભારે આઘાત લાગ્યો. તેમને થયું કે નાનકે આ શું કર્યું? શું એ મસ્જિદમાં જઇ મુસલમાનોની વચ્ચે નમાઝ પઢશે? તો વળી કેટલાક હિંદુ–મુસલમાનોને કુતૂહલ હતું કે ચાલો જોઇએ, નાનક કેવી નમાઝ પઢે છે?



નમાઝના દિવસે મસ્જિદમાં ભારે ઠઠ જામી. નવાબ સાહેબની જોડે જ નાનકની બેઠક હતી. મૌલવીએ બાંગ પોકારતા બધા જ એક સાથે નમાઝ પઢવા લાગ્યા. પરંતુ નવાબે, નમાઝ પઢતાં પઢતાં આડું જોયું, તો નાનક તો નમાઝ પઢવાને બદલે એમ જ ઊભા છે. એમને થયું નાનક તો નમાઝ પઢ્યા વગર જ ઊભો છે. શરત પ્રમાણે હું તો નમાઝ પઢી રહ્યો છું, ત્યારે એણે પોતાના વચનનું પાલન કર્યું નહિ. એટલે પોતાની નમાઝ ઝટપટ પૂરી કરીને તેઓ ગુરુ નાનક પાસે આવ્યા ને કંઇક ગુસ્સાથી બોલ્યા, "તમે નમાઝ કેમ ન પઢી? તમે તો મને વચન આપેલું."

નાનકે ખૂબ શાન્તિથી જવાબ આપ્યો, 'અરે, તમે પણ શરત પ્રમાણે નમાઝ ક્યાં પઢી છે?'

નવાબે કંઇક આશ્ચર્ય સાથે મૌલવીને બોલાવી કહ્યું, 'જુઓ મૌલવી, મેં નમાઝ પઢી છે કે નહિ. આટલા બધા માણસોની સાક્ષીમાં મેં નમાઝ પઢી છે, છતાં આ નાનક કહે છે, મેં નમાઝ પઢી નથી.'

નાનકે કહ્યું, 'નવાબ સાહેબ, હું જોઇ રહ્યો હતો કે આપ નમાઝ પઢો એટલે હું પઢું, પરંતુ આપે તે પઢી નહિ, એટલે હું ઊભો જ રહ્યો.'

નવાબે કંઇ આશ્ચર્ય સાથે ગુસ્સામાં કહ્યું, 'તો હું અહીં શું કરી રહ્યો હતો? આટલા બધા લોકો તો તેની સાક્ષી છે.'

નાનકે નવાબ સામે જોઇને કહ્યું, 'આ બધા લોકો તો આપના શરીરને જોઇ રહ્યા હતા. પરંતુ આપના મનમાં શું ચાલી રહ્યું હતું, તેની એમને ક્યાં ખબર છે? આપનું શરીર નમાઝ પઢવામાં ઊંચું નીચું થતું હતું, પરંતુ આપનું મન તો કંદહારમાં ઘોડાની ખરીદી કરી રહ્યું હતું, નહિ વારુ!'

નવાબ તો આ વાત સાંભળી આભા જ બની ગયા! નાનકે એમના મનની વાત શી રીતે જાણી લીધી? એમનો ઘોડો મરી ગયો હતો, નમાઝ પઢતી વખતે કાબુલ કે કંદહાર જઇ કેવો ઘોડો ખરીદવો એના વિચારો જ તે વખતે એમના મનમાં ચાલી રહ્યા હતા. એટલે નાનકે જે કહ્યું તે ખરેખર સત્ય જ હતું.

નવાબે નાનક સાહેબની ક્ષમા માગી.

શરીરથી આપણે મંદિરમાં હાજર હોઇએ, પરંતુ મનથી ન પણ હોઇએ. પૂજા કરવા આપણું તન બેઠું હોય, પણ મન બીજે જ હોય, એવુંય ઘણીવાર બને. એથી મનને ક્રિયા સાથે જોડ્યા સિવાય, ક્રિયાનું ફળ ક્યાંથી મળે?

સામાન્ય તો સર્વ કોઇ બને છે, અસામાન્ય બનો. કંજૂસ સર્વ કોઇ બને છે, દાતાર બનો. સ્વાર્થી તો સર્વ કોઇ બને છે, પરમાર્થી બનો.

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઇલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**

**''સત્યવાન'' તથા ''ચંદન''**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ–૩૬૦૦૦૨**



# શ્રી શ્રી મા શારદાદેવી–(૧૨)

પ્રો. અરુણિકા મનોજ દરૂ

## શ્રી માનું દૈવીસ્વરૂપ–(૨)

શ્રીમાએ જીવોના કલ્યાણ માટે માનવશરીર ધારણ કર્યું હતું. માયાતીત તેમના મનને કોઇ પણ રીતે જગતમાં રાખવા તેમણે રાધુ સાથે માયાનું એક બંધન રાખ્યું હતું. દેહાવસાન પહેલાં તે બંધનને તેમણે ધીરે ધીરે કરીને છેદી નાંખ્યું હતું. એ સમયે એક દિવસ તેમણે રાધુને કહ્યું : ''મેં બંધન છેદી નાંખ્યું છે. તું મને શું કરી શકશે? હું કંઇ સામાન્ય માનવી છું?''

એ જ રાધુની ગાંડી માતા સુરબાળાએ શ્રી મા પર આક્ષેપ મૂક્યો : ''તમે જ રાધુને અફીણ ખવડાવી પાંગળી કરી નાંખી છે ને તમારે વશ રાખી છે. મારા દૌહિત્ર અને મારી દીકરીને પણ તમે મારી પાસે આવવા દેતાં નથી.'' ત્યારે શ્રીમાએ કહ્યું : ''લઇ જા તારી દીકરી, મેં એને ઓછી સંતાડી રાખી છે?'' એથી તો લડવા તત્પર સુરબાળા વધારે ગુસ્સે થઇ અને શ્રીમાને મારવા તેણે ચૂલામાંથી સળગતું લાકડું હાથમાં લીધું. શ્રીમા આ ભયંકર દૃશ્ય જોઇ બૂમ પાડી ઊઠ્યાં. બ્રહ્મચારી વરદાએ સમયસર દોડી આવીને શ્રીમાના માથા પર આવી પડતું લાકડું ઝૂંટવી લીધું અને તે પાગલીમામીને બહાર કાઢ્યાં ત્યારે શ્રીમાથી ઉશ્કેરાટમાં બોલી જવાયું : ''પાગલી! તું શું કરવા બેઠી હતી? તારો એ હાથ ખરી પડશે.'' બીજી જ ક્ષણે શ્રીમાને પોતાની ભૂલ સમજાતા ''હે ઠાકુર! આ મેં શું કર્યું?'' એમ તેમનાથી બોલાઇ ગયું અને કરુણામૂર્તિ શ્રીમાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. આ વિરલ દૃશ્યે બ્રહ્મચારી વરદા સ્તબ્ધ બની ગયો. શ્રીમાથી સહજ રીતે બોલાયેલો આ અભિશાપ પણ

સાચો પડ્યો. શ્રીમાના દેહાવસાન પછી થોડા જ વખતમાં પાગલીમામીને રક્તપિત્તનો રોગ થયો. તેમની આંગળીઓ ખરી પડી. તો પણ શ્રીમાની કૃપાથી એને વધારે ભોગવવું ન પડ્યું.

શ્રીમાની સાચી ઓળખ મળ્યા પછી ગિરીશચંદ્ર જેવા સૂક્ષ્મ-દર્શી કવિએ કહેલા શબ્દો શ્રીમાનો સાચો પરિચય આપે છે. ''ભગવાન બરાબર આપણા જેવું જ મનુષ્યરૂપ લઈને અવતરે છે, એ માનવું માણસને માટે કઠણ છે. શું તમે કલ્પી શકો છો કે તમારી સામે જગદંબા એક ગ્રામજનેતાના રૂપમાં ઊભાં છે? કે મહામાયા જ પોતે સાધારણ સ્ત્રીની માફક ઘરનું બધું કામકાજ કરી રહ્યાં છે? છતાં ય એ જ જગદંબા છે; મહામાયા, મહા-શક્તિ!! જગતમાં માતૃત્વનો આદર્શ સ્થાપવા માટે અને બધાને મુક્તિ આપવા સારું આવ્યાં છે.''

શ્રીરામકૃષ્ણ પરમહંસના દેહાવસાન પછી શ્રીમા દક્ષિણ ભારતના યાત્રાપ્રવાસે ગયાં હતાં. ત્યારે શ્રીરામેશ્વરના મંદિરમાં શિવલિંગ જોઈ શ્રીમાથી સહસા સ્વગત બોલી પડાયું : ''જેવી રીતે મૂકી ગઈ હતી. ઠીક તેમજ છે.'' ભક્તોએ 'મા શું કહ્યું?' એમ પૂછ્યું ત્યારે માતાજી ચમકી ગયાં અને બોલ્યાં : ''તમારી પાસે જે વર્ણન સાંભળ્યું હતું, ઠીક તેમ જ છે.'' પણ ભક્તોને વિશ્વાસ હતો કે ત્રેતાયુગમાં શ્રીરામચંદ્રના શક્તિ સીતાજીએ સમુદ્રતીરે રેતીનું જે લિંગ બનાવ્યું હતું અને શિવપૂજા કરી હતી, તે જ લિંગને આ વખતે શ્રીમાના સ્વરૂપે અવતીર્ણ થયેલા માતાજીએ દીર્ઘકાળ પછી તે જ સ્વરૂપમાં જોયું હતું. અને તેથી જ દેશકાળ ભૂલી જઈ, શ્રીમાનું મન પાછું ત્રેતાયુગમાં ચાલ્યું ગયું હતું અને આ પ્રકારની સ્વગતોક્તિથી પોતાનો દિવ્યભાવ વ્યક્ત થઈ ગયો હતો.



શ્રીમાના જન્મ પહેલાંની તેમની જન્મદાતા માતા સાથે બનેલી અદ્‌ભુત ઘટના, શ્રીમાને બાળપણમાં ઘાસ કાપતાં અદ્‌ભુત કન્યાની મળતી મદદ, ગંગાસ્નાન વખતે આઠ બાલિકાનો મળતો દિવ્ય સંગાથ, બીમારીમાં રાત્રે થયેલો અનુભવ—આ બધું જ શ્રીમાની દિવ્યશક્તિને નિર્દેશે છે. આ અને આવા અનેક પ્રસંગો શ્રીમાના નિગૂઢ દિવ્યસ્વરૂપને, તેમનામાં રહેલી દૈવી શક્તિને નિર્દેશે છે તેથી મમતામયી વત્સલ માતાનું વરદાયી સ્વરૂપ કેવું અદ્‌ભુત કલ્યાણકારી, મંગલમય અને પ્રસન્નકર છે, તે સમજાય છે.

શ્રીમાના પૂર્વજીવનમાં બનેલો પ્રસંગ પણ તેમની દૈવી-શક્તિનો પરિચય કરાવતો હોઈ અત્રે પ્રસ્તુત કરવો અસ્થાને નહીં ગણાય. એક વાર શ્રીમા ભત્રીજા શિવરામ અને લક્ષ્મી સહિત અન્ય યાત્રાળુઓ સાથે ગંગાસ્નાન કરવા નીકળ્યાં કામારપુકુરથી આઠ માઈલ દૂર આવેલા આરામબાગ રાત રોકાઈને સહુ આગળ વધવાના હતા કારણ કે તે પછી નિર્જન અને ભયંકર એવા લૂંટારાઓના નિવાસસ્થાન 'તેલોભેલો'નું મેદાન આવે. દિવસે પણ કોઈ એકલદોકલ ત્યાંથી પસાર થવાનું સાહસ ન કરે. સહુ યાત્રાળુઓ તેથી ટોળામાં જ જાય. સહુ આરામબાગ પહોંચ્યા ત્યારે અંધારું થયું ન હતું એટલે એમણે વિચાર્યું કે જો ઝડપથી ચાલીએ તો આ મેદાન વટાવી તારકેશ્વર પહોંચી જવાય. શ્રીમા થાકી ગયાં હતાં. અને ફરીથી આટલું લાંબુ ચાલી શકવાની સ્થિતિમાં ન હતાં. છતાં, પોતાને કારણે બીજાઓને તકલીફ ન પડે માટે બોલ્યાં નહીં, બધા ચાલ્યા તેમની સાથે ચાલ્યાં તો ખરાં, પણ પછી તો ચાલવાની ગતિ ધીમી પડી. તેઓ બધાથી પાછળ પડવા લાગ્યાં. થોડીવાર

તો તેમાંના ત્રણ ચાર માણસો ઊભા રહ્યા પણ પછી ઊભા રહેનારને લાગ્યું કે આમ જ જો ચાલવાની ગતિ રાખીશું તો રાત તે ભયંકર મેદાનમાં જ પડી જશે. તેમણે શ્રીમાને ઝડપ કરવા કહ્યું પણ શ્રીમા માટે એ શક્ય જ ન હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજી જતાં તેમણે સામેથી કહ્યું કે તમે સહુ મારી ફિકર છોડો અને તારકેશ્વર પહોંચો હું પાછળ આવું છું.

રાત્રીના અંધકારમાં તેલોભેલોના એ નિર્જન પ્રદેશમાં શ્રીમા ચાલતાં રહ્યાં ધીમી ગતિએ ત્યાં જ એક પડછંદ લૂંટારો ખંભા પર ડાંગ લઈ ધસી આવ્યો, શ્રી મા ઊભાં રહ્યાં. પેલાએ પૂછ્યું : ''ક્યાં જવું છે?'' શ્રીમાએ કહ્યું : ''બાપુ! મારા સંગાથીઓ મને છોડીને આગળ ચાલ્યા ગયા છે. વળી મને લાગે છે કે હું રસ્તો પણ ભૂલી ગઈ છું. મને એમની પાસે લઈ જશો? તમારા જમાઈ દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિના કાલીમંદિરમાં રહે છે. હું એમની પાસે જતી હતી.'' એટલામાં તો એ લૂંટારાની સ્ત્રી પણ આવી પહોંચી એટલે શ્રીમાએ તેનો હાથ પકડી કહ્યું : ''મા, હું તમારી દીકરી શારદા છું. મારા સંગાથીઓ મને છોડીને ચાલ્યા ગયા છે તેથી હું વિપત્તિમાં પડી હતી. સારે નસીબે તમે બંને આવી પહોંચ્યાં. નહીં તો હું શું કરત કોણ જાણે?''

શ્રીમાના સરળ વર્તન અને મધુર વાણીએ એ બાગદી લૂંટારા દંપતિના હૃદય જીતી લીધાં. તેમણે પોતાની આ દીકરીને પાસેના ગામમાં લઈ જઈ ખવડાવ્યું. સુવાડી. રાતભર આ લૂંટારાએ આ દીકરી માટે જાગીને પહેરો ભર્યો. બીજે દિવસે સારી રીતે ખવડાવીને માતાજીના સંગાથીઓને શારદા સોંપી દીધી. લૂંટારાની ક્રૂરતા પર શ્રીમાનો આ અદ્‌ભુત વિજય હતો, તેની પાછળ કારણભૂત તત્ત્વ કયું હતું? બાગદી દંપત્તિએ એક વાર શ્રીમાને તેના જવાબમાં કહ્યું હતું : ''તું તો સાધારણ સ્ત્રી



નથી અમે તને કાલીના રૂપમાં જોઈ છે.'' શ્રીમાએ કહ્યું : ''કેવી વાત કરો છો? તમે મને એવી કેવી રીતે જોઈ શકો?'' ત્યારે તેમણે ખેદસહિત જણાવેલું : ''અમે સાચે જ જોયું હતું. અમે પાપી છીએ એટલે મા તું તારું સાચું રૂપ છૂપાવે છે.'' આ બાગદી લૂંટારા દંપતિ તે પછી બેત્રણ વખત દક્ષિણેશ્વર એમને મળવા ગયાં હતા અને પ્રત્યેક વખતે જાતજાતની ભેટ પણ લઈ ગયા હતાં. શ્રીમા પાસેથી બધી વાત સાંભળીને ઠાકુર પણ એમના તરફ જમાઈ તરીકેનું માયાળુ વર્તન રાખતા. આ આખો ય પ્રસંગ સ્પષ્ટ કરે છે કે કાલીમાતાના ભક્ત બાગદી લૂંટારા દંપતિને શ્રીમામાં કાલીમાતાનાં દર્શન થયાં હતાં. તે વગર લૂંટ કરવાનો જેનો વ્યવસાય છે, તે વ્યક્તિ નિર્જન પ્રદેશમાં એકલદોકલ યુવતીને લૂંટવાની તક છોડી દે ખરા? ધારો કે કદાચ છોડી દે તો માતાપિતાની ભૂમિકા નીભાવી તેને સહાય કરે એવું બને? તેના ખાવાપીવાની રહેવાની સગવડ સાચવે અને યુવતીને બીજે દિવસે તેના સંગાથીઓ પાસે હેમખેમ પહોંચાડે એવું બને ખરું? આ લૂંટારા દંપતિ તો ફરી ફરી શ્રીમાને મળવા પણ આવ્યાં. આવું શાથી બન્યું? એ લૂંટારા દંપતિએ યુવતી શારદામણિમાં અસાધારણ દિવ્ય તત્ત્વનું દર્શન કર્યું. તેથી જ તો આ ઘટના શક્ય બની. આ આખો પ્રસંગ શ્રી મા શારદામણિદેવીના દિવ્ય સ્વરૂપનો દ્યોતક છે. બાલ્યાવસ્થાથી જ તેમનામાં રહેલા દિવ્ય તત્ત્વની ઝાંખી થવા માંડી હતી. ઠાકુરના સાન્નિધ્યે તે પૂર્ણકળાએ વિકસિત સ્વરૂપે શ્રી મા સ્વરૂપે પ્રગટી. શ્રી માના અંતરંગ ભક્તો અને શિષ્ય સમુદાયે તે દિવ્યશક્તિને કેંક અંશે પિછાની હતી અને તેનો લાભ લઈ જીવનની ધન્યતા પણ અનુભવી હતી. (ક્રમશઃ)

# શ્રીહરિને ફોન

**મા સર્વેશ્વરી**

**બડેકથી પ્રીન્સએડવર્ડ આઈલેન્ડ**
**(વિદેશયાત્રા, ૯૪ મો દિવસ, તા. ૨૧–૭–૨૦૦૬)**

પ્રભાત પ્રગટતાં જ પથારીનો પરિત્યાગ કરી પ્રથમ પ્રણામ પ્રભુને અને તરત જ સમંદરદેવનું દર્શન. સામે જ હતા માટે.

આ પ્રકૃતિની ગોદમાં ૧૫ દિવસ રહીને અનુષ્ઠાન મંત્ર-જપનું કરવું જોઈએ ફરી એ જ વિચાર આવી ગયો.

બડેકમાં એક બડા વૈજ્ઞાનિકનું મોટું મ્યુઝીયમ આવેલું છે. વિશ્વવિખ્યાત શ્રી ગ્રેહામબેલ અહીં રહેતા હતા. સ્કોટલેન્ડમાં જન્મેલા, લંડનમાં ભણેલા, અમેરિકામાં ને છેવટે કેનેડાનાં આ વિભાગમાં વસ્યા.

મ્યુઝીયમ ઘણું મોટું છે. આપણી યાત્રાની મંડળી પહોંચી ગઈ છે. વિશાળ સ્થાનમાં પ્રવેશતાં જ શ્રી ગ્રેહામબેલની મોટી તસ્વીર મૂકી છે. જોતાંવેંત લાગે કે કોઈ દાઢીધારી, પ્રભાવશાળી ઋષિ જાણે તપસ્વી જેવો દેખાવ માને લાગ્યો છે.

એની વિવિધ શોધ ને તેની નોંધ, એની શોધનો ઈતિહાસ, એના જીવનની વિવિધ વાતો, તસ્વીરો, એના જૂના ગ્રંથો, એની ખુરશી, એનો કબાટ બધું જ અહીં જાહેર જનતાના દર્શન–પ્રદર્શન માટે મૂકાયું છે.

પ્રવેશતાં જ કોમ્પ્યુટરનું ૧ બટન પ્રેસ કરો એટલે મ્યુઝી-યમમાં શું શું છે તેની જાણ થાય.

જરાક આગળ વધો એટલે એના પ્રોફેસર પિતાનો મોટો ફોટો મૂક્યો છે.



માતા અને પત્ની બન્ને કાનની તકલીફવાળાં હતાં. જેથી એ ઊણપ ગ્રેહામબેલને સંશોધન ક્ષેત્રે આગળ વધવા જાણે આશી-ર્વાદરૂપ ઠરી.

અને સંશોધન ક્ષેત્રે ઘણી સારી સફળતા મેળવી. ટેલીફોનની શોધ માટે પ્રખ્યાત આ વૈજ્ઞાનિકે બીજી પણ ઘણી શોધ કરી છે.

વેક્યુમ જેકો, પતંગ આકારના એરક્રાફ્ટ, હાઈડ્રો ફોઈલ બોટ, બધિર જગતના ને સાચા શિક્ષક તરીકે પણ આ પૃથ્વી પર જાણીતા થયા.

૧૫ મિનિટની નાનકડી ફિલ્મ પણ બતાવવામાં આવે છે.

બધા જ બાળકો રસથી જોતાં હતાં. માને તો યોગતીર્થ માટે જ જોવાનું, શીખવાનું હતું.

શ્રી જગુભાઈ તથા શ્રી નીરૂબેન સાથે ત્યાં યોગતીર્થમાં શું થઈ શકે તેની ચર્ચા પણ થઈ છે.

સ્વચ્છતા ને શાંતિ તથા શિસ્ત અહીં નોંધપાત્ર છે. વિદેશની એ વિશેષતા વંદન કરવા જેવી તો છે જ.

અહીં બાળકોને કાર્યરત રાખવા રમતગમત વાચનનો પણ એક વિભાગ છે. બાળકો ત્યાં રમે તો મોટાઓ રસથી વાંચી શકે.

આ ગ્રેહામબેલને ફોનનાં સાધનને સતત વાપરનારાઓ વતી તથા બધિર જગતનાં સૌ સભ્યો વતી અભિનંદન આપવા શ્રી હરિએ જાણે માને મોકલ્યા. બધિર જગતને આશીર્વાદરૂપે સ્વજન મળ્યા શ્રી ગ્રેહામબેલ. ઘણી મોટી શોધ કરીને માનવ-જાતના સાચા મિત્ર બન્યા છે.

આજે એક મહાન વૈજ્ઞાનિકને મળ્યાનો આનંદ છે. વ્યક્તિ-નું જીવન દર્શન કરીએ એટલે વ્યક્તિને જ મળ્યા એવું મા માને છે.

એ વૈજ્ઞાનિકનાં જીવનની બધી જ, બધી જ વિશેષતા, બધા જ પ્રયોગોના ચિત્રો કે સાધનોને જોતાં જોતાં લાગે છે કે ઘણી મોટી હસ્તિ હતી.

એટલે આજે વિશ્વનાં એક વૈજ્ઞાનિકને મળવાનું બન્યું એવું લાગ્યું છે. નામ તો નાનપણથી, વિજ્ઞાનના પુસ્તકોમાં માએ વાંચેલું. માઇકલ ફેરેડે, ગ્રેહામબેલ, જગદીશચંદ્ર બોઝ. બધાનાં નાના નાના પાઠ શીખવવામાં આવ્યા હતા. આજે જાણે તેને પ્રત્યક્ષ મળ્યાનો આનંદ છે.

ગ્રેહામબેલને મળીને બહાર આવતાં જ બાળકો સાથે સમૂહ તસ્વીર લીધી છે. અંદરનાં વિભાગોમાં પણ બાળકો સાથે તસ્વીર લીધી છે. બધાં બાળકોએ પોતાનાં નવાં ટીશર્ટ પહેર્યાં છે. માએ ગઇકાલે જે પ્રસાદમાં આપ્યા છે. આજે બધાં બાળકો-એ તે પહેર્યાં છે. કોઇએ તેમને કહ્યું નથી કે પહેરજો. પોતાની રીતે જ જાણે સૌએ માનાં વ્હાલને પોતાનાં શરીર ઉપર વીંટાળીને સાચવી લીધું છે.

માએ સૌને ટીશર્ટ પ્રસાદમાં આપી વ્હાલ ધર્યું તો એ બાળ-દેવતાઓએ માના એ વ્હાલને પોતાના શરીર ઉપર મઢી દીધું. આ બાળદેવતાઓ જાણે માના સાચા મિત્ર છે.

યાત્રા એમને માટે જ જુલાઇમાં રાખી અને સાચે જ એ બાળકો મસ્ત બનીને યાત્રા માણી રહ્યાં છે.

બાળકો જ્યારે જ્યારે મા પાસે વેનમાં આવે ત્યારે ત્યારે મા પ્રસાદ આપે છે.

પ્રસાદ પામી મોટા પણ પ્રસન્ન થઇ ઊઠે છે તો નાનાનું તો કહેવું જ શું?

બસનાં ચાલક ભાઇ છે. મા તેને તો પ્રસાદની બેગ જ



આપી દે છે. બરણી આખી હોય તો મા તે બરણી ખોલતાં નથી. તે આખી બરણી ભરેલા બિસ્કીટ જ ડ્રાઇવરને તો પ્રસાદમાં મળે જ છે.

અને ગ્રેહામબેલને સલામી ભરી બસને વેન આગળની યાત્રા માટે પ્રસ્થાન કરે છે. બસની ગતિ ઝડપી છે. તો વેનની ગતિ પ્રમાણમાં ધીમી.

આજના શ્રી હરિરથના સારથિ શ્રી નરેન્દ્રભાઇ તથા શ્રી અંબુભાઇ હતા.

અર્ધા કલાકમાં તો બસ ઊડતી ઊડતી આગળ દૂર દૂર નીકળી ગઇ છે. વેન પાછળ છે.

માર્ગમાં એકાંત હતું. ગાડીઓ તો દોડતી દેખાય છે. બન્ને બાજુ જંગલ છે, પહાડ છે, પાણી છે. પ્રકૃતિનો વૈભવ અહીં શ્રી હરિએ અદ્‌ભુત રીતે પાથર્યો છે. આ ધરતીને શ્રીહરિએ પસંદ કરી લાગે છે. સર્વત્ર પ્રકૃતિદેવી માનવસમાજ માટે થાળ લઇને ઊભી છે.

જંગલના એ શાંત વિસ્તારમાં રોડ તો પાકા છે માત્ર બે જ લાઇન હતી. છતાં ગાડી બધી જ ૧૦૦ કિ. મી.ની ઝડપે દોડતી હતી.

આપણું વેન પણ એ જ ઝડપથી દોડતું હતું.

ત્યાં જ ખ—ર—ર—ર અવાજ આવ્યો. તરત જ ગાડી સાઇડે કરી દીધી.

બે જ લાઇન હતી. એ તો સારું હતું કે પાસેના રોડ ઉપર કોઇની ગાડી ન હતી. પ્રભુની કૃપા એ ગણી શકાય કે ગાડી બીજી કોઇ ગાડી જોડે ના અથડાઇ કે ઉંધી ના પડી, કે આગ ના લાગી.

નીચે ઉતરીને શ્રી નરેન્દ્રભાઇએ ગાડી ચેક કરી તો પાછલું વ્હીલ પંક્ચર હતું.

પંક્ચરની વાત સાંભળતા જ નીરૂબેન ચિંતાતુર થઇ ગયાં. હજુ તો વેનમાંથી ઉતરતાં હતાં ત્યાં જ તેઓ કહેવા લાગ્યાં બસમાં જગુભાઇને ફોન કરો. શું કરીએ?

કારણ સ્પેરવ્હીલ બીજી સીટની નીચે ફીટ કરેલું હતું.

તરત જ ફોનનાં પ્રયત્નો શરૂ થયા. નરેન્દ્રભાઇ વ્હીલ શોધવાની ગડમથલમાં હતા. શ્રી અંબુભાઇ ફોન કરવાની કાર્યવાહી ઉપાડી લે છે. મા નીચે ઉતરે છે.

શ્રી નીરૂબેન ચિંતામગ્ન છે. કારણ હાઇવે ઉપર ગાડી કોઇ જ ઊભા ના રાખે. સૌ પોતાની ઝડપે દોડતા હોય. આ તો પાછો જંગલ વિસ્તાર છે. શું તશે? પેલી સેવાની સી.એ.એ. (C.A.A) કંપનીને પણ કેવી રીતે જાણ કરવી?

શ્રી નીરૂબેન નરેન્દ્રભાઇને સૂચના આપીને વ્હીલ જેક કાઢવામાં સહાયક થઇ રહ્યા છે.

મા શાંતિથી લખે છે : એમાં શું? જે થશે તે મંગલ. બસ-વાળા રાહ જોઇને શોધવા આવશે. ના આવે તો રાત અહીં રહીશું.

શ્રી નીરૂબેન ફરીથી ફોન લગાડવાના પ્રયત્નમાં જોડાઇ જાય છે. કોઇને ફોન લાગતા નથી.

હવે જાણે સર્વત્ર અંધકાર. બધા જ દ્વાર જાણે બંધ થયા છે.

વ્હીલ ક્યાં છે તે જગ્યા તો મળી ગઇ પણ તેને કાઢવું શી રીતે તે વાંચવામાં નરેન્દ્રભાઇ કાર્યરત છે. મા શાંતિથી આંટા મારે છે.

ત્યાં જ શ્રી અંબુભાઇને થયું ચાલો ફ્લેશિંગ લાઇટ ચાલુ



કરીએ જેથી એ લાઇટ જોઇને કોઇને તો થાય કે આ સૌને સહાયની જરૂર છે. એટલે તે લાઇટ ચાલુ કરવામાં આવી.

છતાં ગાડીઓ ૧૦, ૧૨ તો પસાર થઇ ગઇ.

શ્રી નીરૂબેન અને મા જે વ્હીલમાં પંક્ચર છે ત્યાં ઊભાં છે. અંબુભાઇ આગળ ઊભા છે. નરેન્દ્રભાઇ વાંચે છે.

શ્રી નીરૂબેન ફરી ફરી ફોન જોડ્યાં જ કરે છે. કોને કોને? બસમાં જેની પાસે સેલ ફોન હતાં તે સૌને. ધર્મેશને? મહેશ-ભાઇને? પી.કે.ને? ઉમેશને? જગુભાઇને?

બસમાં કોઇને ફોન લાગતા નથી. મા શું કરીએ? નીરૂબેન-ના એ નિરાશાભર્યા સૂર સામે મા લખે છે, **શ્રી હરિને ફોન કરો.**

હા, ક્યાંયે ફોન નથી લાગતા. તો હવે શ્રીહરિને કરો. મનુષ્યયત્ન પૂર્ણ થાય છે. ત્યાં શ્રીહરિના દ્વારે પોકાર શરૂ કરો.

શ્રી નીરૂબેન ક્ષણિક વિચાર કરે છે કે મને શ્રી હરિને ફોન જોડતા ક્યાં આવડે છે? અને મારા ફોન તો ક્યાં, કેટલા, કેવી રીતે પહોંચે?

એટલે નીરૂબેન કહે મા તમે જ તમારા શ્રીહરિને ફોન કરોને.

શ્રી નીરૂબેનની વિનંતી સાંભળી સાચે જ મા તરત જ આકાશ તરફ બન્ને હાથ ઊંચા કરીને માનસિક પ્રાર્થના અંતઃ-કરણથી કરે છે.

મા શું કહે છે? માએ એક જ નાના વાક્યની વાત શ્રી હરિને કરી.

**પ્રભુ કંઇક કરો.**

હજી એટલું કહ્યું ત્યાં જ તે જ ક્ષણે શ્રી અંબુભાઇ જલ્દી જલ્દી મા પાસે આવીને કહે છે. **પેલી ગાડી આવી રહી છે.**

મા સાથે અંબુભાઇ, નીરૂબેને તરત જ એ ગાડીને ઊભી

રહેતી જોઇ. ગાડીમાં વૃદ્ધ માતા છે. અને એક ભાઇ છે. તે ભાઇ ગાડીમાંથી બહાર આવ્યા છે. બહાર નીકળતા જ તે ભાઇ અમારી પાસે આવીને કહેવા લાગ્યા–Hello folks. How are you? How can I help you?

હલો, ફોક્સ, હાઉ આર યુ? હાઉ કેન આઇ હેલ્પ યુ?

તરત જ નીરૂબેન કહેવાં લાગ્યાં. પંકચર પડ્યું છે. વ્હીલ તો મળ્યું છે પણ નીકળતું નથી.

તરત જ નરેન્દ્રભાઇ જે ગાડી પાસે નીચે સૂઇને જે શોધતા હતા ત્યાં જઇને આ ભાઇ પણ તરત જ સૂઇને વાંકા વળીને કાર્યરત થઇ ગયા. પાછા ઊભા થયા. ફરી પેલી બુક વાંચીને તરત જ એમને ખ્યાલ આવી ગયો કે શું કરવાનું છે.

જાતે જ સ્ક્રૂને ખોલવા તેના પેલા હેન્ડલ ઉપર ચઢીને કામ કરવા લાગ્યા.

માત્ર પાંચ જ મિનિટમાં તો ભાઇની સહાયથી નરેન્દ્રભાઇ વ્હીલ બદલી શક્યા.

વ્હીલ બદલતાં બદલતાં વાત કરતા હતા. મારી માતાએ મને કહ્યું આ ગાડીને મદદની જરૂર છે, ગાડી ઉભી રાખ.

મા એ દરમ્યાન શ્રી નીરૂબેનને પેલા ભાઇની ગાડી પાસે મોકલે છે. એ ભાઇનું સરનામું લેવા. આભારનો પત્ર લખવા મા સરનામું મંગાવે છે. શ્રી નીરૂબેન ગાડીમાં બેઠેલાં માતા જોડે વાત કરે છે.

પેલા ભાઇ કામ પૂર્ણ થતાં તરત જ કહે છે રોડ ઉપર કેનેડિયન ટાયરમાંથી ટાયર બદલાવી લેજો.

શ્રી અંબુભાઇ, શ્રી નરેન્દ્રભાઇ, શ્રી નીરૂબેન ત્રણે એ ભાઇનો આભાર માને છે.



એ ભાઇ પોતાની ગાડીમાં પાછા બેઠા છે ને ગાડી વિદાય થઇ છે.

આ આખી ઘટનામાં શ્રીહરિની સહાય પથરાયેલી જોવા મળે છે.

શ્રી અંબુભાઇ કહેવા લાગ્યા. મા હું આગળના વ્હીલ પાસે ઊભો રહીને સૌને મદદ માટે હાથ લાંબો કરતો રહ્યો હતો પણ ૧૦–૧૨ ગાડી પસાર થઇ ગઇ.

પછી મને ક્ષણિક વિચાર થયો કે મા પોતાની ડાયરીમાં લખે છે કે મંત્રની આગળ ૐ લગાડો તો બધા જ કામ થાય. એટલે મેં **ૐ સાંઇ રૂપાય યોગેશ્વરાય નમઃ** મંત્ર સાથે હાથ ઊંચો કર્યો.

ત્યાં જ સામેની લાઇનમાં વિરૂદ્ધ દિશામાં જતી આ ગાડી ધીમી પડી આગળ ગઇને પાછી યુ ટર્ન લઇને, વળીને આપણી ગાડી પાસે આવતી મેં જોઇ.

મા મને આ મંત્રમાં શ્રદ્ધા દઢ કરવા જ આ ઘટના બની છે.

હે મા આપ જ્યારે રોડ ઉપર દૂર સુધી આંટો મારવાં ગયાં ત્યારે મને થતું હતું આ મા પ્રભુને જ કહેવાં ગયાં છે કે આ છોકરાઓ આ મુશ્કેલીમાં મૂકાયા છે.

મા આપ સાથે હતાં માટે કોઇ ગભરાટ થતો ન હતો. શાંતિ હતી. ૨૫ વરસથી અહીં છું. કદી પંકચરનો પ્રસંગ બન્યો નાથી.

● ● ●

શ્રી અંબુભાઇની શ્રદ્ધા વધારવા સાચે જ શ્રી હરિએ આ ઘટના સર્જીને પોતાનું કામ કરી લીધું લાગે છે.

આ આખી ઘટના માને પણ એક શ્રદ્ધાનો વિશેષ થાળ ધરતી ગઇ છે.

માએ માત્ર પ્રભુ કંઇક કરો એવું કહેતાં જ જાણે તરત જ શ્રીહરિએ ફોન ઉપાડી લીધો.

સૌના ફોન કામ કરતાં બંધ થયા ત્યારે શ્રી હરિએ જ પોતાનો ફોન ચાલુ રાખ્યો.

હરિને ફોન કરો.

ના, મા તમે જ એ ફોન કરો.

અને મા માત્ર **પ્રભુ કંઈક કરો.** એટલું જ કહે છે ને તરત જ સહાય મળી છે.

આ એક અદ્ભુત ઘટના છે.

આટલી જલ્દી પ્રાર્થના શ્રીહરિ સાંભળે છે. તો તો નક્કી તે માની આસપાસ જ વીંટળાયેલો, વિચરતો, વસતો હોવો જોઇએ. ભલે એ દેખાતો નથી પણ એના દેવદૂતો તો દેખાય છે.

આ દેવદૂત જ હતો જેનું નામ હતું ગોર્ડન અને એની માતાનું નામ હતું વીલીયેના

બંને કેનેડિયન હતાં. પણ આજે આ ઘટના માટે જાણે દેવદૂત બનીને પ્રગટ્યાં હતાં.

શ્રી હરિ પોતાની ધારેલી યોજના પાર પાડવા કોઇને પણ નિમિત્ત બનાવી શકે છે. ભલે તે વિદેશી હોય કે જાણીતો હોય.

નામ ગોર્ડન હતું જાણે પેલા GODના પરિવારના જ એ સભ્ય હતા? **ગોડ** એટલે પ્રભુ કે શ્રી હરિ કે સર્વસમર્થ સ્વામી, જે કહો તે પણ આજે આ **ગોર્ડન** દ્વારા **ગોડ** શ્રી હરિ જ જાણે આકાશ માર્ગેથી ઉતર્યા.

દ્રૌપદીનાં વસ્ત્રો એ જ રીતે આકાશ માર્ગે જ ઉતર્યાં હતાં ને!

મા તો આ ઘટનાને શ્રીહરિની પ્રત્યક્ષ, પ્રગટ પવિત્ર, પ્રસાદી જ માનીને વધાવે છે.

આટલો જલ્દી શ્રી હરિને ફોન લાગશે એવું માએ પણ ધાર્યું ન હતું.



જ્યાં બે હાથવાળા સૌ હેઠા પડ્યા. ત્યાં હજાર હાથવાળો હરિ દોડતો હાજર થયો. એને હાજર થવા કોઇ ગાડી, રીક્ષા, સાયકલ, ટ્રક, જીપ કે પ્લેનની જરૂર પડી નથી.

જાણે તે સતત ભક્તોના કામ કરવા ભક્તના દ્વારે સેવક સ્વરૂપ સજી ૨૪ કલાક સેવામાં ઊભો છે. શ્રીહરિના કાન ભક્તો તરફ જ મંડાયેલા રહે છે.

શ્રીહરિનાં દ્વારે પ્રાર્થનાનો ફોન ૨૪ કલાક ચાલુ જ હોય છે. શ્રીહરિનાં ફોનના કનેક્શન ને વાયરો કે ટાવર કે વાવાઝોડા કે ધરતીકંપના આંચકા નથી નડતા. અરે! મોટાં મોટાં બીલ પણ એને ભરવાના નથી. માનો એ શ્રીહરિ માની અંદર, ઉપર, નીચે, આગળ પાછળ સતત ઘૂમતો રહે છે. કહો કે માની પાછળ પાગલ બની માનું જ ધ્યાન ધરી રહ્યો છે. શ્રીહરિની એ નજરકેદ માને અતિપ્રિય છે. હરિની અમીનજરમાં આવી જવાની મોજ મા સતત માણ્યાં કરે છે.

એ હરિનું સરનામું તમે કોઇ ના પૂછતા. ક્યાં રહે છે!

તનમાં હરિ મનમાં હરિ,
મા સર્વેશ્વરીનાં અંતરે હરિ.

સર્વત્ર એનો વિહાર. સર્વત્ર અનો નિવાસ. સર્વત્ર એની હાજરી. સર્વત્ર એનું રાજ્ય. જંગલમાં હો કે જંગમંચ ઉપર હો. ગામમાં હો કે ગુફામાં હો, કેનેડામાં હો કે કોરિયામાં હો. હા! એ સતત સમીપે હસતો હાજર જ હોય છે.

હરિનું સરનામું તો જ્યાં હરિ હોય ત્યાં જ હોયને! પણ એના પાર્ષદનું, દેવદૂતનું. શ્રીહરિનાં પેલા પ્રતિબિંબનું, **ગોડ**નાં પેલા ગોર્ડનનું સરનામું તો આપણે લખી લીધું હતું ને. આ રહ્યું તે દેવદૂતનું સરનામું.

Gordon Ryan
707 Bernard Street
port Hawkesbury
BQA 2v8 Nova Scotia

સાચે જ એ ભાઇ આ જ વિસ્તારમાં રહે છે.

એટલે કે શ્રીહરિએ જાણે પોતાની લોકલ એજન્સીના આ લોકલ ઓફિસર દ્વારા એ કામ કરાવી લીધું.

શ્રીહરિને પણ ડર લાગે છે. શ્રીહરિ વિચારતા હશે કે રખેને હું નીચે જાઉં ને મને કોઇ પકડી લે તો? ફરવાનું મારું બંધ થઇ જાય તો મારા બીજા ભક્તોના કામ પછી કોણ કરે?

એટલે ભક્તોથી ડરી ગયેલા શ્રીહરિ સંતાતા ફરે છે. ને એના સ્ટાફ દ્વારા બારોબાર કામ કરાવી લે છે.

શ્રીહરિમાં હિંમત હોય તો ચાર હાથને શંખ, ચક્ર, ગદા પણ લઇને હાજર થઇ જાય.

પણ શ્રી હરિ આપણાં સૌ કરતાં મોટા છે. સમજુ છે. વિવેકી છે. શ્રીહરિ જાણે છે કે જો હું દિવ્યસ્વરૂપ લઇને જઇશ તો મારા ભક્તિની આંખ અંજાઇ જશે. ભક્ત ગભરાઇ જશે. મારું તે જ સહન ના કરી શકે તો આંખ ગુમાવી દેશે.

એના કરતાં ભક્ત જેવો જ થઇને જાઉં. બે હાથ, બે પગ ને એક જ મુખવાળો જ બની જાઉં તો કામ જલ્દી થાય ને સરળતાથી પાર પડે.

હે હરિ! આપ જે કરો તે યોગ્ય જ હોય છે. આ તો અમે અમારી રીતે યથામતિ આપના કાર્યક્ષેત્ર ઉપર પ્રકાશ પાડીએ છીએ.

આ કલમ લખે છે. આપ જ તો લખાવો છો. આપે જ આપની આ બધી વાતો લખી છે. લખાવી છે.

આ આખીયે ઘટના આપે જ સર્જી છે.



આપે જ એક સાથે અનેકના મનની શ્રદ્ધાનાં પંકચર આ ઘટનાના સોલ્યુશનથી રીપેર કરી દીધા છે.

હે હરિ! આ યાત્રામાં આપ સતત અમારી સાથે રહ્યા છો. રહેજો. આ યાત્રામાં આપ સતત અમારી સાથે રહ્યા છો. રહેજો. અમારા આપ હજારો કામો કરો છો તો અમને પણ એકાદ સેવા હોય તો કહેજો.

યાત્રાનો આ ૫૬ ભોગ જેવો અન્નકૂટ જેવો વિશેષ મંગલ-મય પ્રાર્થનાનો પ્રસાદ પામી મા ધન્ય થયાં. સૌની શ્રદ્ધાની દીવડી આપે પ્રજ્વલિત કરી.

યાત્રા આ ઘટના માટે જ યોજાઇ હતી એવું આપ કહેવા માંગો છો તો અમે એ રીતે એને વધાવીશું, વંદીશું, સ્મરીશું.

આ પ્રસાદ પામી આપણો હરિરથ આગળ ચાલે છે. બરાબર ૧ કલાક ચાલે છે. ત્યાં જ બસ હરિરથની રાહ જોતી ઊભી હતી. તે સૌ કહે અમે ચિંતામાં હતા. ફોન અમારા લાગતા ન હતા. સૌને આ પ્રાર્થના પ્રસાદની વિગતે વાત કરી.

એ પવિત્ર પ્રાર્થના પ્રસાદને વાગોળતાં વાગોળતાં ફેરીમાં બેઠાં. આપણો હરિરથ ફેરીમાં નીચે પાર્ક થયો છે. મા ગાડીમાં જ નીચે વિશ્રામ કરે છે. સૌ ફેરીમાં ઉપર લાભ લે છે. ૧ કલાક સ્ટીમર (ફેરી) ચાલી અને સામેના ટાપુમાં સૌ આવી ગયા.

પ્રિન્સ એડવર્ડ આઇલેન્ડ (PEI)માં બેસ્ટવેર્ચીનમાં વિશ્રામ થયો છે. આજે અહીં બહાર બોર્ડ હતું. વેલકમ મા ગ્રુપ. એ બોર્ડ સૂચક હતું.

માના ગ્રુપના જે જે હોય તેનું તેનું સ્વાગત છે. વિશાળ અર્થમાં જોઇએ તો સમગ્ર સૃષ્ટિ જેની છે તે સૌની વિધાત્રી માના ગ્રુપના સૌનો સત્કાર છે.

હે હરિ! પ્રણામ પ્રણામ પ્રણામ.

# શ્રી પરમાર્થ પર્વ

આશા ભક્ત

**સમય : તા. ૨૨–૯–૦૬ થી ૩–૧૦–૦૬ સુધી**
**સ્થળ : શ્રી પંકજભાઇ પરમાર્થી, બ્રાઉન્સવીલ, અમેરિકા.**

આ આખું પર્વ નવરાત્રિનાં સોનેરી–સુવર્ણ સમયમાં જ રાખવામાં આવ્યું. શ્રી મા સર્વેશ્વરીનાં પાવન સાન્નિધ્યે જ આ દશ દિવસનું અનોખું પર્વ આયોજાયું. શ્રી મા અહીં થોડાક જુદાં છે. અન્ય કરતાં, કારણ એમની શિબિરોનાં નામ પણ ખૂબ અલગ પડે છે. એમની જ માફક. જેમ કે સંનિદ્ધિપર્વ, પ્રકાશન પર્વ, પરમાર્થ પર્વ. સાધના શિબિર કરતાં અહીં જુદું દેખાય છે. સાધના તો હરહાલતમાં અહીં છે જ છતાંય પર્વનું વાતાવરણ છે. ઉત્સાહનું વાતાવરણ છે. શ્રી માના દરેક કાર્યક્રમની એક અલગ જ ભાત છે, અનોખી રીત છે, શ્રી મા દરેક ક્ષણે દરેક પળે દરેક વાતે અન્ય કરતાં ખૂબ અલગ છે. એઓ ખૂબ નજીક છે જીવાતા જીવનની. એઓ સ્વતંત્રતાનાં બેહદ હિમાયતી છે. વિવિધતા, નવીનતાનાં આગ્રહી છે. અમારી અંદરનાં સ્વત્વને જાગૃત કરીને, સંકોરીને અમારી પોતાની એક અલગ કેડી રચી શકીએ એવી ખૂમારીનાં પ્રણેતા છે. આ અમારાં શ્રી મા અદ્‌ભુતતાનો અનુપમ સંગમ છે.

શ્રી માની નિશ્રામાં અમે સૌ તા. ૨૧–૯–૨૦૦૬ થી હાજર થઇ ગયા છીએ. શ્રી પંકજભાઇનું ઘર જાણે નંદનવન. પ્રવેશદ્વારમાં પ્રવેશતા જ આંખો શીતળતા પામી રહે એવા સરસ વાક્યો સુંદર અક્ષરોથી લખાયેલાં જોવાં મળ્યાં. અર્થ-સભર એ સુવાક્યો મનની અંદર ઉતરી જાય.



''પરમાર્થ દ્વારે આપ સૌનું સ્વાગત હો.'' લખેલું બોર્ડ અને પૂ. શ્રી પરમાર્થીનો હસતો ચહેરો એમાં ડોકાયા કરે. સાથે જ આ પરિવારનાં બાળકોનાં ફોટાઓ પણ દેખાય છે. સામે જ કૃષ્ણ-મંદિર. પ્રભુ શ્રીકૃષ્ણ અને નાનું ટોપલીમાં મૂકેલું લાલાનું સ્વરૂપ વળી બીજું મંદિર ચોતરાની ફરતે શ્રીમા ભવાનીનું સુંદર જગદંબા સ્વરૂપ. એનાથી થોડા ડગલાં ચાલીએ એટલે પર્વમાં ભાગ લેનાર સૌનો બેઠક ખંડ મંડપ આવે. સ્ટેજપર પૂ. શ્રીનું સુંદર મોટું સ્વરૂપ જોતા જ જાણે તન–મન શાંતિથી ભરાઇ જાય. બાજુમાં શ્રીમાની બેઠક. સ્ટેજની નીચે હીંચકો પણ છે. મોટાભાગે એ શ્રીમાને પ્રિય છે. ઘણો વખત શ્રીમાની બેઠક અહીં જ રહી.

આગળ અને હંમેશા અનુભવવા મળે છે તેમ પર્વની શરૂઆત અલગ ઢંગથી જ થાય છે.

ભાઇશ્રી પંકજની મોટલ ઉપરથી પૂ. શ્રી પ્રભુ અને પૂ. શ્રીમાનાં સ્વરૂપને શ્રી પંકજભાઇનાં ઘરે લઇ આવવાના છે. ટ્રક શણગારેલી છે. અંદર પૂ. શ્રી અને પૂ. માનાં સ્વરૂપો રાખીને લાવવાનાં છે. અને આ શોભાયાત્રા સૌએ ચાલીને કરવાની છે. નિયત સ્થળે પહોંચવામાં એક કલાક જેવો સમય થશે. આ માટે સીટીની પરવાનગી અલગથી લેવી પડે. આપણે રસ્તામાં બે–ત્રણની હરોળથી ચાલવું પડે. સાથે પોલીસ બાઇક ઉપર આગળ, પાછળ, અને સાથે ને સાથે હોય. ટ્રાફિકને કંટ્રોલ કરતી જાય.

પંકજભાઇને ઘરે પહોંચતાં લગભગ બપોર થઇ ગયા હતાં. ટ્રકની પાછળ બે ધ્વજો હતાં. એક ભારતનો ત્રિરંગો અને બીજો અમેરિકાનો. રાષ્ટ્રને સન્માનતા એ બંને રાષ્ટ્રધ્વજો બહેનો હાથમાં લઇને પાછળ ચાલતાં હતાં આખા રસ્તામાં સતત ધૂન ગૂંજતી રહી. મંજીરા, તબલાઓ એકધારા વગતા રહ્યાં. પ્રભુની

ધૂનમાં—ખૂબ તાપ હતો પણ એ અસહ્ય ગરમી પણ ભુલાઈ ગઈ. પ્રભુભજનનાં એક મધુર રાગમાં જાણે સૌ તન્મય બની ગયાં. પહેલા દિવસની પહેલી બેઠક, સૌને થોડુંક ચલાવીને થોડુંક વધારે નામસ્મરણ કરાવીને મા જાણે પ્રભુનાં પાવન સાંન્નિધ્યે મંડપમાં લઈ આવ્યાં, જ્યાં અમને સૌને દશ દિવસ સુધી સતત શ્રી પ્રભુ અને શ્રી માનું દર્શનનું મહાસુખ મળ્યાં કરવાનું છે.

શ્રી માને નિયમો અતિપ્રિય છે. પર્વની શરૂઆતમાં જ સૌએ વ્યક્તિગત રુચિ પ્રમાણે સાધનાના નિયમો લેવાના છે, અને પૂર્ણ કરવાનાં છે. નિયમો ફરજિયાત છે. પર્વનું મહાત્મ્ય જ જાણે જપ તપ કરી લેવાનું છે. રોજ સવારે નિયમિત થતી પ્રણામ પૂજા—પ્રાર્થના તન—મનને સ્વસ્થ રાખવામાં મદદરૂપ બને. પ્રણામ પૂરા કરીએ ત્યારે સાચે જ બીજીવારનાં સ્નાનની અનુભૂતિ થતી. માનસિક પૂજાનો આ પ્રકાર હવે હવે હું સમજવા લાગી છું. વ્યક્તિગત સાધના માટે આખા કમ્પા-ઉન્ડમાં સાધકો પોતાની રીતે ફરે, ચાલે, પાઠ કરે. પોતાનાં નિયમો પૂર્ણ કરવા લાગી જાય. શ્રી મા પણ બેઠાં હોય પોતાની બેઠક ઉપર. ગુરુલીલામૃત પારાયણ કરાય. સાધક ભાઈબહેનો પોતાનાં અનુભવ કહે. શ્રી મા પાસે યુવાનોની સંખ્યા પણ છે. એ ખીલેલી ફૂલવાડીની મ્હેંક પણ સૌએ માણી, એમના વિચારો પણ જાણવા મળ્યા. બેઠકો બધી જ સમયને અનુરૂપ રહી. સાંજની બેઠક મોટાભાગે ૭ કલાકે શરૂ થતી. એમાં ખૂબ વિવિધતા રહી. શ્રી પ્રભુનું દર્શન—પ્રવચન, ક્યારેક પૂ. શ્રી માનું પ્રવચન. શ્રી પુરુષોત્તમભાઈ અને હંસાબેન દવેનું સંગીત સૌને ડોલાવી દેતું. સૌ ભક્તો સાથે, વેલીના, બ્રાઉન્સવીલની બધી બહેનો—ભાઈઓ સાથે મળી રોજબરોજનાં નવા નવા કાર્યક્રમો—ભજનો, નાટકો, ગરબાઓ, દેશભક્તિનાં ગીતો રજૂ



થતાં. શ્રીના (છોકરીનું નામ છે) એક નાનકડી છોકરીએ વાંસળીનાં સૂરમાં—"વરદ હસ્ત—રઘુપતિ રાઘવ રાજારામ—કૃષ્ણા તારી પાસે માંગુ—છેલ્લે રાષ્ટ્રગીત" રજૂ કર્યું. બેન "ગોપીએ પૂ. ઈશ્વરકાકાનાં બે—ત્રણ ભજનો ગાયાં. વિશેષતા એ કહી શકાય કે બાળકો ગુજરાતી લખતાં વાંચતા નથી. એમનાં ઉચ્ચારો પણ જુદા છે છતાંય પ્રયત્નો કર્યા એમણે—મહેનત કરી ફક્ત મા માટે જ તો. 'રાધિકા' એ પણ ભજનો ગાયાં. તેમાં એક ભજને સૌનાં હૃદયે સ્થાન લઈ લીધું. "મને બોલાવી—ઝૂલાવી—વ્હાલી કરી—મારા સપનામાં આવ્યા હરિ. આ ભજનનાં જાદુમાંથી હું આજેય છટકી નથી શકી. એના શબ્દો, એનાં સૂર હજીય મનમાં ગૂંજે છે. અને હું કહું કે દરેકનાં મનમાં હંમેશા રહ્યા જ કરશે તો એ ખોટું નથી. નાનાં નાટકો પણ થયાં. પનામા ગ્રુપનાં બંને નાટકો સારાં હતાં. દરેક ભજનો પણ રજૂ થયા. તેમાં દિનેશભાઈનો મોટો ફાળો રહ્યો. નયનાબહેનનું 'ભૂલકણી વહુ' નાટક સુંદર રીતે રજૂ થયું અને સૌને હસાવી ગયું. છેલ્લી કૃતિ ભાઈઓએ ધૂન ઉપર કરેલી એ કૃતિ મંડપમાં હાજર રહેલાં સૌ માટે આશ્ચર્ય સમાન અને ખડ-ખડાટ હસાવનારી બની. સાંસ્કૃતિક કાર્યક્રમોથી અને ગરબાથી રાત્રિની બેઠક પૂર્ણ થતી. ગરબાની અહીં એક અલગ જ મજા હતી. શ્રીમાની હાજરીમાં પ્રસન્નતા જાણે હવામાં લહેરાયા કરતી હતી. તન—મન જાણે સ્ફૂર્તિભર્યાં રહ્યાં પ્રત્યેકનાં."

શ્રી પુરુષોત્તમભાઈ ઉપાધ્યાય અને શ્રી હંસાબેન દવે ગુજ-રાતની પ્રતિભાવન કલાકાર બેલડીએ ત્રણ દિવસને જાણે લોક-સંગીત અને ભજનથી મ્હેંકાવી દીધા. એમણે એવું દીલથી ગાયું કે અમને સૌને એઓ ખૂબ પોતાનાં લાગ્યાં. આ સંગીતયાત્રા પણ આ પર્વની એક વિશેષતા બની રહી. શ્રી માનાં નેતૃત્વમાં

પર્વ ત્રણ દિવસનું હોય, દશ દિવસનું હોય કે એક દિવસનો સાધનાદિન હોય સઘળું સુંદર અને જુદું જ હોય છે. વિશેષતા-ઓથી, આશ્ચર્યથી ભરેલું હોય છે. એમનો દરબાર પણ અનેક વિશેષતાઓથી પ્રતિભાઓથી છલકાતાં વ્યક્તિત્વોથી ભરપૂર છે. શ્રી મા પ્રત્યેકને પિછાણે છે, માપે છે અને પછી રાખી લે છે એમની પાસે, અને હંમેશા સંભાળે છે. સંરક્ષણ કરે છે. એટલે જ અહીં મંડપમાં રહેલાં સૌ પાસે ખૂબ જબરદસ્ત શક્તિ છે, ગુણો છે. શ્રીમાની કૃપાની અલગ અલગ ગાથા છે. શ્રી માએ આઠમનાં દિવસે એક હજાર અઠ્ઠાવન પ્રણામ કર્યા તો સાથે કંઇ કેટલાંયે પણ પ્રણામમાં શ્રી માને સંગાથ ધર્યો. અલગ ઉંમર, અનોખું પરાક્રમ. એ પ્રણામની નોંધ આપણને જાણવા મળશે જ.

આ પર્વની વિશેષતાઓ વધતી જાય છે. શ્રી માની ડાયરીનું વાંચન શ્રી રાજુભાઇનાં અવાજમાં સાંભળવા મળતું. શ્રી માની સ્લેટપર લખાતાં વાક્યો પણ રાજુભાઇ દ્વારા જ અમને સાંભળવા મળતાં. શ્રીમા ડાયરીનાં પાનાઓ ઉપર જાણે અદ્ભુત રીતે છવાઇ જતાં જોવા મળે છે. સ્થળનું વર્ણન જાણે પ્રત્યક્ષ જોતા હોઇએ એવું લાગે. શ્રી માનાં સ્વરૂપનું આ એક અનોખું દર્શન છે જે અમને સૌને અતિપ્રિય છે.

શ્રી મા તા. ૨, ઓક્ટોબરને કેમ ભૂલે? પૂ. બાપુનો એ દિવસ. સૌએ પ્રણામ—પૂજા બાદ ધ્વજવંદન કરીને શરૂ કર્યો. શ્રી માએ ધ્વજવંદનનો અર્થ જુદી રીતે જ સમજાવ્યો. વંદના સલામી કરીને નહીં પણ સાચા અર્થમાં વંદન કરાવીને પૂર્ણ કરાવ્યો. ''વંદે માતરમ્''થી પરમાર્થ ચોક ગૂંજી ઊઠ્યો. આ પર્વની વિશેષતા એ હતી કે શ્રી નારાયણભાઇ દેસાઇનાં મુખે ટી.વી.નાં માધ્યમદ્વારા ''ગાંધીકથા'' સાંભળવા મળી.



બાળકોથી માંડી યુવાનો—વૃદ્ધોને શ્રી માએ પૂ. બાપુથી પરિચિત કરાવ્યાં. રાત્રે શ્રી ''સરદાર'' વલ્લભભાઈને પણ ફિલ્મદ્વારા બતાવ્યા. ભારતનાં એ ઈતિહાસનો સૌને પરિચય કરાવ્યો. અહીં કોઇ વસ્તુ છૂટી જતી દેખાતી નથી. સાધના—સંસ્કૃતિ અને જીવનનો એક સંગમ રચી દીધો. એ સંગમનાં મહાતીર્થે નિત્ય શ્રીમાનાં સતત દર્શનથી મન પાવન અને પુલકિત બની ગયું.

પરમાર્થ પર્વની વિશેષતા એ હતી કે કદાચ ભાઇ શ્રી પંકજભાઇ પહેલીવાર જાહેરમાં બોલ્યા. પોતાની જિંદગીની સંઘર્ષકથા—સાહસ એમણે એમની જુબાનીમાં જ કહી. શ્રી માએ જે રીતે એમને અને એમનાં પરિવારને સંભાળ્યો એ અદ્ભુત વાત વિગતે કહી. શ્રી માએ એમને ''છોટે પરમાર્થી'' કહ્યાં ત્યારે જ સાચા અર્થમાં મને આ ''પરમાર્થપર્વ''નો અર્થ સમ-જાયો. વક્તાઓમાં નાનકડી હેમાલી બધાને સ્પર્શી ગઈ. શ્રી રોશનીબેન પણ નોંધપાત્ર રહ્યાં. શ્રી મીતાબેને ભાવવાહી લાગણીથી બધાને ભીંજવી દીધાં. શ્રી રાજુભાઇ પણ સૌને ગમ્યા. પૂ. શ્રી સુરેશકાકા પરિવારનાં વડીલ છે. એમનું વક્તવ્ય એમને શોભે એવું જ સરસ રહ્યું. શ્રી સુશીલા ફોઇએ પણ શ્રી ઈશ્વરકાકા વિશે સરસ માહિતી આપી એમનાં વ્યક્તિત્વને છતું કર્યું. શ્રી જગુભાઇ—કેનેડા પણ સરસ બોલ્યા અને શ્રી ગુલાબમાસી પણ બોલ્યા. એમનો એક અલગ જ શ્રી મા પ્રત્યેનો પ્રેમભર્યો સમજનો સૂર છે. જેને માણવાનું સૌને મળ્યું. અને આશા પણ બોલે, એને એની એક અલગ જ ધૂન છે. તેની જ વાતો કરે. વક્તાઓની આંખોએ શ્રીમાનાં દર્શનની ઝાંખી શબ્દોમાં રજૂ કરી એ સૌને ગમ્યું.

વિશેષતાઓથી ભર્યું આ ''પરમાર્થ પર્વ'' જાણે આનંદનું બડાબજાર સાબિત થયું. સૌ અહીં દૂરદૂરથી ફક્ત શ્રી મા માટે

જ પધાર્યાં. આનંદના આ મહાતીર્થને કિનારે રહ્યા દશ—બાર દિવસ. પોતપોતાની ક્ષમતા પ્રમાણે એ સ્નેહતીર્થમાંથી પોતાનું ભાથું બાંધીને મનમાં અવિસ્મરણીય પ્રેમ ભરીને સૌ. ફરી પાછા પોતપોતાનાં રચેલા સંસારમાં, પોતાનાં માળામાં પહોંચ્યા. પણ સાથે લઈ ગયા શ્રી માનો સ્નેહ, શ્રી માની કૃપા, શ્રીમાનું એક વચન કે "મા એના બાળકને એકલાં રાખતી નથી. એ નિત્ય અમારા સુખમાં અમારા દુઃખમાં અમારી વિપત્તિમાં અમે જાણી રહીએ તે પહેલાં આવી જઈને અમને ઉંચકી લે છે અને પછી જે છે તે સાચી પ્રેમયાત્રા."


શું પરમાત્મતત્ત્વનું દર્શન શક્ય છે? તો તેના પ્રત્યુત્તરમાં કહેવું પડે કે હવા કરતાં પણ અતિશય સૂક્ષ્મ પરમાત્મતત્ત્વને સ્થૂળ દૃષ્ટિએ પેખવાનું કાર્ય કપરું હોવા છતાં, ધ્યાન દ્વારા સંપ્રાપ્ત સમાધિની અલૌકિક અવસ્થામાં અતિશુદ્ધ બુદ્ધિવાળા, સદાચારી સત્પુરુષો એનું દર્શન કરી શકે છે. **—યોગેશ્વરજી**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**

મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧




**('મા' સર્વેશ્વરીની શૈશવ કથા)**

# પોચણું પાંગર્યું

**મા સર્વેશ્વરી**

### એકથી આઠ વરસ

ભારતમાં સ્વરાજની ચળવળ ગાંધીજી ને સરદારની દોરવણી હેઠળ ચાલતી હતી તે ૧૯૪૩ નું વરસ હતું. ઈ. સ. ૧૯૪૩, નવેમ્બર માસ ૧૩ મી તારીખ સંવત ૨૦૦૦ કારતક વદ બીજ ને શનિવારે શ્રી કાલિદાસભાઈના ઘરમાં શ્રી ભીખી-બાના અંકમાં દીકરીએ આંખ ઉઘાડી ત્યારે રાતે નવ વાગ્યા હતા. શ્રી વામનભાઈએ પોતાના જ અક્ષરોમાં મજૂરોના હાજરીપત્રકના પાછલા જાડા પાને એ સમય, તારીખ, વાર નોંધી લીધાં.

નામ સરોજ આપ્યું બાપુજીએ. બાળકોનાં નામ બાપુજી જ આપતા. સ ઉપરથી જ નામ ખૂબ ગમતાં હશે માટે બહેનોનાં નામ શારદાબહેન, સુશીલાબહેન, સાવિત્રીબહેન ને આ સરોજ. આ નામ પણ પ્રેરક જ છે. અનેક શક્યતાનો સંદેશ સરોજ નામમાં છે. એ નામ ભક્ત સમાજના પ્રચલિત નામ કરતાં જુદું છે. આગવું છે. કપૂરામાં એ નામ પહેલી વાર સૌએ સાંભળ્યું. સાચું જ હતું ને! જે કળી કાદવથી અળગી રહીને ખીલવા જ આવી છે તેનું નામ એ જ હોય ને? એ જ નામ શોભે ને!

જન્મના તેરમા દિવસે ડબલ ન્યુમોનિયાના ભયંકર તાવે સરોજને ઘેરી લીધી. શરીર ખેંચાઈ ગયું ને કાળું પડી ગયું. સૌ ગભરાઈ ગયાં. આંખ મીંચાઈ ગઈ અંતિમ શ્વાસ લેવાઈ ગયા. બા રડે છે. આસપાસ જે હતા તેમાં દાદીમા, જમુનામા પણ

હતાં. તેઓ તરત જ ડાંગર ને જુવારની ટોપલી લાવે છે. બાળકને બંને હાથે તેમાં ઊંચકીને પધરાવે છે. લે, આ તારી વાટખર્ચી. મૃત્યુની તારી મંગલ વાટે આ દાન. ને મોઢા પર કટકો પણ નખાઇ ગયો. દીકરી વિદાય થઇ. સૌ શોકમગ્ન થયાં. બાજુવાળા દૂધીમા બાને આશ્વાસન આપે કે દીકરી ગઇ તો શું રડવાનું? ભલે ગઇ. એકાદ કલાક પછી પીપલવાડાથી બાપુજી આવે છે. સમાચાર જાણે છે. તરત જ તેઓ ઘોડા ઉપર વ્યારા જાય છે. ડો. ગમનલાલ શાહને લઇ આવે છે.

ડોક્ટર આવે છે. કપડું હટાવે છે. સારવાર અપાય છે ને સૌના આશ્ચર્ય વચ્ચે બાળકી આંખ ખોલે છે. પુનઃજીવન પ્રાપ્ત કરીને સૌના શોકને પલટાવી દે છે. જેમ સૌએ મરણ સ્વીકારી લીધું તેમ હવે સૌએ આ નવા જીવનનો પ્રસાદ પણ વધાવી લીધો.

શું એ સરોજનું ફક્ત ૧૩ જ દિવસનું આયુષ્ય હશે? માનવજીવન ફક્ત ૧૩ દિવસ માટે જ મળ્યું હશે? કોણ મરણ-ના મુખમાંથી પાછી લાવ્યું? કોણે જગાડી? શા માટે જગાડી? કોની એ પ્રાર્થનાનો પ્રત્યુત્તર હશે?

માતાની કૂખે જન્મેલી એ બાળકીના એ પાર્થિવ શરીરમાં કઇ પરમશક્તિએ પ્રવેશ કરીને પોતાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કર્યું?

આવા અનેક પ્રશ્નો આ પ્રસંગે ઉદ્ભવે, પરંતુ પ્રત્યુત્તર કોની પાસે છે?

શું એ નવા જીવનમાં અનેક શુભ સંકલ્પોને સાકાર કરવાની ભૂમિકા હશે? કે પછી કોઇક સમર્થ સદ્ગુરુ એને પરમશક્તિની ક્રીડાસ્થલી બનાવવા ઇચ્છતા હશે?

સાચો પ્રત્યુત્તર પરમાત્મા પાસે છે. એ આવાં અનેક જીવન શાંત કરી શકે ને અનેક જીવન જાગ્રત પણ કરી શકે.



એ પરમાત્માનો પરમ ઉપકાર કે નવા જીવનનો પુણ્ય-પ્રદાયક પાવન પ્રસાદ પ્રાપ્ત થયો.

પૃથ્વી પર પ્રવેશતાં જ પરમકૃપાનું જાણે રક્ષાકવચ પ્રાપ્ત થયું.

શ્રી હરિએ જન્મથી જ જાણે સતત કહેવાનું શરૂ કર્યું, 'હે જીવ, હું તારી સાથે જ છું.'

એ જીવને પ્રગટ કરનાર માતા—પિતા તેમ જ કપૂરાના એ કુળને જાણે એક અલૌકિક છત્ર શ્રી હરિનું પ્રાપ્ત થયું.

પરિવારના નાનકડા સંતાન તરીકે અદકું વહાલ પામવાનો અધિકાર પ્રાપ્ત થયો. સૌને માટે એ આશ્ચર્યનું કેન્દ્ર બની ગયું. મૃત્યુના મંગલ મંદિરનો જાણે એ પ્રસાદ બની ગયું.

શ્રી હરિ ક્યારે કોને કેવું સદ્ભાગ્ય ધરે છે તે તો ક્યાં કોઇ જાણી શક્યું છે? એ પ્રસાદીસ્વરૂપ જીવન ૧૩ દિવસ, ૧૩ મહિના, ૧૩ વરસ પણ વટાવી ગયું. આજે તો ૫૮[1] વર્ષ પૂરાં કરવાની તૈયારીમાં છે. ૫૮ વરસ ક્યાં વીત્યાં? કેવી વીત્યા તેની વીતકકથા આ પૃષ્ઠો પર અંકિત કરવા જ એ જીવન ધબકતું રહ્યું છે.

એ ધબકારમાં શ્રી હરિની કૃપા ધબકી રહી છે. પ્રાર્થનાની પગદંડી પણ એમાં પ્રગટી છે.

જે ઘરમાં આંખ ઉઘાડવાનું સદ્ભાગ્ય સાંપડ્યું તે પવિત્ર ઘરનું સૌથી સર્વોત્તમ સ્મરણીય સ્મરણ તો પ્રાર્થનાનું છે.

નાનકડી સરોજને કોઇક સ્નાન કરાવતું. કોઇક ચોટલા ગૂંથી આપતું ને પછી દરરોજ જ એક સૂચના મળતી, 'જા ગાદીએ પગે લાગ ને પછી બધાને નમસ્તે કહે.' ને ભારે

---

૧. પોયણું પાંગર્યું પુસ્તક ૨૦૦૩ માં પ્રસિદ્ધ થયેલ છે તે સંદર્ભે આ વર્ષો છે.

તોફાની નાનકડી સરોજ એ સૂચનાનો તો તરત જ અમલ કરતી. દેવસ્થાનને પ્રણામ કરી બા, બાપુજી, ભાઇ, ભાભી, બહેનો સૌને નમસ્તે કરીને પછી જ રમવાનો કે દૂધ પીવાનો ક્રમ પ્રારંભ પામતો.

એ ઘરમાં બાળકોને કેવી રીતે જગાડાતાં એ પણ મન-અંતરમાં સરસ રીતે જડાઇ ગયું છે.

સરોજના પિતાજીને સૌ બાપુજી કહેતા. બાપુજી અતિ-નિયમિત, પાંચ વાગ્યે ઊઠી જતા. દેવમંદિરની સામેના ભાગમાં બાપુજી અંધારે જ શ્લોકો બુલંદ સ્વરે લલકારતા.

એ પવિત્ર શ્લોકોનું શ્રવણ કરતાં કરતાં જ જાગવાનું, પણ પલંગમાં સૂતાંસૂતાં જાગ્રત રહીને તે સાંભળવાનું બનતું અને જેવા શ્લોકો પૂરા થાય એટલે સરોજ જાણતી જ હોય કે હવે બાપુજી પલંગ પાસે આવશે. ને બાપુજી સરોજને ઉઠાડીને પોતાની પીઠ પર ઉપાડશે. સરોજ પણ બાપુજીના ગળે બંને હાથ વીંટાળીને પડી ના જવાય તેની કાળજી રાખશે અને એ રીતે દરરોજ બાપુજીના વહાલને માણતાં માણતાં પીઠ પર ચઢીને ઘરમાંથી પસાર થઇને વાડામાં પેલો ચૂલો જ્યાં સ્નાન માટે ગરમ પાણી થતું ત્યાં બાપુજી ઉતારે ને જેવા એ ચૂલા સામે બેસી જાય કે તરત જ સરોજ બાપુજીના ખોળામાં બેસી જાય. ને ત્યાં લગ-ભગ અર્ધો કલાક બાપુજી પેલી નાની સરોજને શ્લોકો શીખવાડે.

શાંતાકારમ્ ભૂજગ શયનમ્ પદ્મનાભમ્ સુરેશમ્ ।

શુદ્ધ ઉચ્ચાર સાથે બાપુજી આદર્શ શિક્ષક બની ઊઘડતા પ્રભાતે જ આધ્યાત્મિક શિક્ષણનો એકડો ઘૂંટાવતા.

દરરોજનો આ નિત્યક્રમ. પછી સ્નાન અને પછી પેલી નમસ્તે કહેવાની પ્રથા અચૂકપણે પળાવતા.



જાણે કોઇ ગૃહસ્થઋષિના સંતાનને સદ્ભાગ્ય સાંપડે તેવું અહીં પરમ ભાગ્ય માણવા મળતું.

એ જ રીતે દરરોજ અતિનિયમિત ઘરમાં સાંજે સમૂહપ્રાર્થના થતી.

તે દિવસોમાં આખા ગામમાં એક જ રેડિયો. ફક્ત અમારા જ ઘરમાં હતો. ફિલિપ્સ કંપનીનો મોટો રેડિયો. તે રેડિયા ઉપર સવાસાતથી સાડાસાત સુધી પ્રાદેશિક સમાચાર આવતા. બાપુજી નિયમિત સાંભળતા ને પછી ઘરના સૌ સમૂહ પ્રાર્થનામાં બેસતા.

જેને દિવ્યસ્તવો વડે સ્તવી રહ્યા, સૂર્યાગ્નિ વા વાદળાં.

એનાથી શરૂ થતી એ પ્રાર્થનામાં આશ્રમ ભજનાવલિના પ્રારંભના શ્લોકો પછી ભગવદ્ગીતાનો બીજો અધ્યાય, 'સમાધિ-માં સ્થિતપ્રજ્ઞ' પછી બાપુજી એકબે ભજનો ગવડાવે (નરસિંહ, મીરાં કે સુરદાસનાં પદો) પછી ૐ તત્ સત્ પછી જય જગદીશ હરે—રઘુપતિ રાઘવની ધૂન પછી સિયાવર રામચંદ્ર કી જય, પવનસુત હનુમાનકી જય, બોલો સબ સંતન કી જય બોલાય એટલે નાનકડાં સૌ ઊભાં થાય. ગાદીએ પ્રણામ કરી બાપુજીને પ્રણામ કરવાના પછી ભાઇ, બા, ભાભી સૌને પગે લાગી પાછી બાપુજીની પાસે સરોજ બેસી જતી. બાપુજીની જમણી બાજુ સાવિત્રીબહેન ને ડાબી બાજુ સરોજ બેસે. બાપુજીની સામે લાકડાના સ્ટેન્ડ જેવી ઘોડી મુકાય ને તેના ઉપર શ્રી રામચરિત-માનસનો પવિત્ર ગ્રંથ.

અને પછી બાપુજી પેલી નાનકડી સરોજની આંગળી તે ગ્રંથની ચોપાઇના એકએક અક્ષર ઉપર ફેરવાવે. ગાય. સમ-જાવે. ગવડાવે—ગાતાં શીખવાડે. આ ક્રમ પણ અતિનિયમિત.

અને પછી સીધા પથારીમાં! દિવસે કે રાતે નવરાશની

પળોમાં પણ ફળિયામાં કે ઓટલે કોઈને મળવાનું, વાતો કરવાની એવો કોઈ ક્રમ કે રિવાજ જ એ ઘરમાં ન હતો.

દિવસે સમય મળે તો બાપુજીની વિશાળ લાઈબ્રેરીમાંથી કંઈક ને કંઈક વાંચતાં શીખવવામાં આવતું. અરે તકલી કે રેંટિયો પણ શીખવવામાં આવતો.

ઘરમાં સાંજે પણ સૌ વહેલા પરવારી જતા. મહેમાન હોય તો તે પણ પ્રાર્થનામાં જોડાતા.

દર ચોમાસામાં બાપુજી ભાગવત પણ વાંચીને સમજાવતા.

પ્રાર્થનાના એ પવિત્ર સંસ્કારો ગળથૂથીમાં જ મળ્યા તો તે સદ્ભાગ્ય નહીં તો બીજું શું ગણાય! બાળપણનો આધ્યાત્મિક ઉઘાડ આવા અધ્યાત્મરંગી પિતાના શ્રી અંકે થઈ રહ્યો હતો. સાત્ત્વિક ને પ્રેરક સાહિત્યથી ઠેઠ બાળપણથી વિભૂષિત કરવાનું યજ્ઞકાર્ય બાપુજી કરતા રહ્યા.

બા, બાપુજી ચારધામ કરીને આવ્યાં તો સરોજ ને સાવિત્રી માટે ભગવાન શ્રી રામ ભાગ–૧, ભાગ–૨ ચિત્રવાર્તા લાવ્યા. વારંવાર તે વાંચવાનું બનતું. એ રીતે ગાંધીમેળામાં દર વરસે બાપુજી લઈ જતા તો ત્યાંથી હનુમાનના પરાક્રમનું એક, બાળકોને ગમે એવું પુસ્તક લઈ આપેલું. તે પણ ખૂબ ગમતું ને વારંવાર વાંચતાં.

બાળપણના પ્રેરણાની પરબડી સમા આ સ્મરણને વાગોળવા-નો પણ એક સાત્ત્વિક આનંદ આજકાલ આ પૃષ્ઠો ઉપર પ્રાપ્ત થઈ રહ્યો છે.

(ક્રમશઃ)




### સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અને ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિદ્વારા વિકલાંગ/પોલિયો ગ્રસ્ત માટે

# વિનામૂલ્ય સેવા સહાય

પૂ. શ્રી મા સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં પૂ. શ્રી યોગેશ્વરજી સંસ્થાપિત સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ–અંબાજી અને ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ, જયપુર–રાજસ્થાનદ્વારા અપંગ/વિકલાંગ સહાય માટે વિનામૂલ્યે કૃત્રિમ પગ (આર્ટિફિશિયલ લિમ્બ–જયપુર ફૂટ) તથા પોલિયો ગ્રસ્ત માટે કેલિપર્સ વિતરણ અંગે એક સેવાયજ્ઞનું આયોજન સ્વર્ગારોહણ, અંબાજીમાં તારીખ ૨૦ થી ૨૬ ડીસેમ્બર, ૨૦૦૬ સુધી કરવામાં આવ્યું છે. જે કોઈ વ્યક્તિ આ કેમ્પમાં વિનામૂલ્યે આર્ટિફિશિયલ લિમ્બ (કૃત્રિમ પગ) કેલિપર્સ, બગલ ઘોડી કે અન્ય સાધનો મેળવવા ઈચ્છતા હોય તેમણે તા. ૨૦ નવેમ્બર, ૨૦૦૬ સુધીમાં પોતાનું પૂરું નામ, ગામ, તાલુકો, શહેર, ટેલીફોન નંબર, ઉંમર વગેરે **વ્યવસ્થાપક, 'સ્વર્ગારોહણ', દાંતારોડ, તા : દાંતા, જિ : બનાસકાંઠા, અંબાજી–૩૮૫ ૧૧૦. ફોન નં : ૦૨૭૪૯–૨૬૨૨૬૯ (M) ૯૮૨૫૧૬૪૫૮૭ ને અરજી મોકલવી.**

જે અપંગ વ્યક્તિએ એક અથવા બંને પગ ગુમાવ્યા હોય તેમણે પગ ઢીંચણની ઉપરથી કપાયેલ છે કે નીચેથી તેમ જ પગ ડાબો કે જમણો કે બંને પગ વગેરે વિગત અવશ્ય તેમની અરજીમાં લખવી.

જેમને જૂના ફૂટ બદલવાના હોય તે પણ અરજી મોકલી શકશે. પોલિયોગ્રસ્ત વ્યક્તિઓને પણ સ્થળ ઉપર જ વિનામૂલ્ય કેલિપર્સ તૈયાર કરી આપવામાં આવશે. દરેક વ્યક્તિઓએ તેમને જણાવેલ તારીખે આવવાનું રહેશે. તેમ જ તેમની સાથે એક વ્યક્તિ લાવી શકશે. જેમના રહેવા/જમવાની વ્યવસ્થા 'સ્વર્ગારોહણ' સંસ્થાદ્વારા કરવામાં આવશે.